ॐ ह्रीँ अर्हम् श्री थंमणपार्श्वनाथाय नमः

બાલ બ્રહ્મચારી સ્વર્ગસ્થ ગુરૂવર્ય

# શ્રી હર્ષવિજયેભ્યો નમઃ

श्री हर्षपुष्पामृत जैनग्रंथमाला पंचमम् ग्रंथरत्नम्.

કલિકાલે શ્રી જૈનશાસન પરમ પ્રભાવક, પૂજ્યપાદ

પ્રાતઃસ્મરણીય, વયોવૃદ્ધ, મહાન્-શાન્ત,

## તપોમૂર્ત્તિ

અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવર શ્રી

## કર્પૂરવિજયજી ગણિવર્ય શ્રી

નું ગદ્ય—પદ્યાત્મક

# જીવન-ચરિત્ર.

પ્રકાશકઃ—


સેક્રેટરી- શ્રી હર્ષપુષ્પામૃત જૈનગ્રંથમાલા.

लोणद — शाह [illegible]

वि-सं. १९९४ [illegible] वीर सं. २४६४

आवृत्ति [illegible]

# નિવેદન.

આ કલિકાલે શ્રી જૈન શાસન પરમ પ્રભાવક, **મહાન્ શાન્ત, તપો-મૂર્તિ, અનુયોગાચાર્ય, પંન્યાસ પ્રવર શ્રી કર્પૂરવિજયજી ગણિવર્યશ્રી**ના જીવન-ચરિત્રની કેટલાય તેના ખપી આત્માઓ તરફથી માગણી થવાથી પ્હેલી આવૃત્તિની ૫૦૦] નકલ અમારી **"શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા" તરફથી** બહાર પાડવામાં આવી હતી. પરંતુ પૂજ્ય ગુરૂદેવના **જીવન-ચરિત્રની** પાંચસો કોપીયોની પ્હેલી આવૃત્તિ પ્રસિદ્ધ થતાં દરમીયાનમાંજ જીજ્ઞાસુ જીવોને **ચરિત્ર-વસ્તુ** અતિ રૂચિકર અને બોધપ્રદ થવાથી ઉપરા ઉપરી માગણીઓ વધો પડતાં, પ્હેલી આવૃત્તિની પાંચસો બુકો તો માગણીના પ્રમાણમાં અતિ અલ્પ થઈ પડી, જેથી ફરીને તાત્કાલિક આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.

આ બુકમાં પદ્યાત્મક જીવન-ચરિત્રની રચના **વઢવાણ કેમ્પના વતની, ધર્માનુરાગી. કવિવર્ય શ્રી મનસુખલાલ ડાહ્યાભાઈએ** પોતાના અમૂલ્ય ટાઇમના ભોગે રચીને અપૂર્વ એવો આ તપોમૂર્તિ ગુરૂવર્યશ્રીનો ગુરૂગુણ ગાવારૂપ ભકિતનો લાભ ઉપાર્જી આ **જીવન-ચરિત્રની શોભામાં** જે વધારો કરી આપેલ છે તે બદલ **તેઓશ્રીનો** આભાર માનવામાં આવે છે અને

હવે પછીથી પણ આવીજ રીતે **પોતાની સુશક્તિઓનો સદુપયોગ કરી** અમારી સંસ્થાને લાભ આપતા રહેવા વિનવિએ છીએ

વળી આ બુકને અંગે સહાયક બનનાર **ધ્રાંગધ્રા નિવાસી** ઔદાર્યાદીક ગુણસંપન્ન, શાસનરાગી, ધર્મપ્રેમી શ્રેષ્ઠીવર્ય **શાહ જગજીવનદાસ હીમચંદભાઇનો** અમારી સંસ્થા આભાર માને છે. અને સાથે ગુરૂભક્તિનો જે મહાન્ લાભ ઉઠાવ્યો છે. તેનું અનુમોદન કરવા સાથે અમારી સંસ્થાને પ્રસંગે પ્રસંગે લાભ આપતા રહેવા વિનવીએ છીએ.

તેમજ આ જીવન-ચરિત્રની પ્હેલી આવૃતિના ખર્ચના અંગે વઢવાણ કેમ્પના વતની ઔદાર્યાદીક ગુણસંપન્ન, ધર્માનુરાગી, **શ્રેષ્ઠીવર્ય શાહ પોપટલાલ ઠાકરસી-ભાઇએ** તેમજ શાસનપ્રેમી ધર્માનુરાગી, **શ્રેષ્ઠીવર્ય શાહ પુરૂષોત્તમદાસ ઝવેરચંદભાઇએ** ગુરૂભક્તિથી જે ઉદારતા બતાવી અમારી ગ્રંથમાલાને સહાનુભૂતિ આપી છે, તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે અને પ્રસંગે પ્રસંગે અમારી સંસ્થાને સહાયક બનવા વિનવીએ છીએ. ૐ શાન્તિ.

સેક્રેટરી—**શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા.**

# અલ્પ-વક્તવ્ય

જીવન-ચરિત્રો તો તેવા મહા પુરૂષોનાં લખાવાં જોઈએ કે જેઓના જીવનમાંથી વાંચનારને પણ તેવું ઉત્તમ જીવન જીવવાની પ્રેરણા મળે, અને પૌદ્ગલિક પદાર્થ પ્રત્યેનો રાગ ઘટે!

જે મહા પુરૂષનું આ જીવન-ચરિત્ર લખાયેલ છે **તે એક મહાન્ શાન્ત, તપોમૂર્તિ મહાત્મા છે.** મ્હોટે ભાગે વર્તમાન પૂજ્ય સાધુ સંસ્થામાં જ્ઞાન-ધ્યાનાદિ ગુણોની સાથે ખાસ કરીને તપસ્યાની કોટીમાં તો જેમનો જોટો જોતાં વીરલ જડે તેમ છે, આ મહાત્માના જીવનમાંથી અનેક સ્વ. પર કલ્યાણ સાધક પ્રેરણાત્મક જીવન પ્રસંગો મળી રહે છે.

આ પુસ્તકમાં જે પદ્યાત્મક જીવન ચરિત્ર છે તે- **આપણા ચરિત્ર નાયકશ્રીનું ગદ્ય-જીવન ચરિત્ર જોતાં** તેમજ **તેઓશ્રીને** પ્રત્યક્ષ નજરો નજર જોતાં, **વઢવાણ કેમ્પના વતની કવિવર્યશ્રી મનસુખભાઈ ને ગુરૂવર્યશ્રી તપોમૂતિ પં.-પ્રવરશ્રી કર્પૂરવિજયજી**

**ગણિવર્યશ્રીનું પદ્યાત્મક જીવન-ચરિત્ર બનાવવા ભાવના થઇ,** અને તેમાં **પૂજ્ય પ્રખર વક્તા-પં-પ્રવરશ્રી અમૃતવિજયજી ગણિવર્યશ્રી તરફથી ટેકો પણ મળ્યો.** એટલે કે-**સોનું તો હતુંજ** અને **તેમાં સુગંધ ભળી.** એટલે પછી પુછવુંજ શું !

આ પ્રેરણાથી અને હૃદયમાં ગુરૂભક્તિનો ઉલ્લાસ થવાથી ટુંક ટાઇમમાંજ તેમણે **શાન્ત-તપોમૂર્તિ-અનુયોગાચાર્ય પં-પ્રવરશ્રીના** જીવન-ચરિત્રની પદ્યબંધ રચના કરી, અને તેમાં પણ દેશીઓ ચાલુ વર્તમાન ઢબમાં ગવાતી તથા જુની ઢબની ગવાતી મુકી છે, જેથી ગાનારને ઘણોજ આનંદ અને બોધ મળે તેમ છે, ખરેખર, તેમનો આ **સુપ્રયત્ન પ્રશંસનીય** તેમજ **અનુમોદનીય** છે.

આ જીવન ચરિત્રમાં **ચરિત્ર-નાયકના** જીવનમાંથી આપણને ઘણું ઘણું જાણવાનું મળી શકે તેમ છે, શરૂઆતમાંજ જૈન કુળના સંસ્કારોથી આત્મા કેવો સુસંસ્કારી બને છે, તેમજ માતા પિતાની ધાર્મિક ભાવનાથી બાળક ઉપર પણ કેવી ઉત્તમ પ્રકારની અસર થાય છે, એ વસ્તુ પણ આ ચરિત્રમાંથી તરી આવે છે, કે-જેના પ્રતાપેજ આપણા **ચરિત્ર-નાયકને** પણ ધર્મના એવા ઉંડા સંસ્કારો પડી ગયા કે જે સુસંસ્કારો તેઓશ્રીને ત્યાગ માર્ગના પૂનિત પંથે પહોંચાડવામાં સ્હાયભુત અને સાનુકુળ થઇ પડયા છે, તે વાંચકવૃંદને પણ બોધપ્રદ થઇ પડે તેમ છે.

સત્યાવીશ વર્ષની યુવાવસ્થામાં રસનાઇન્દ્રિય ઉપર કાબુ મેળવી. ઉપધાનાદિક તપ કરવાની જે વૃત્તિ જન્મવી, અને એ સાધુ જીવનની વાનગીનો યોગ, ગૃહસ્થજીવન પણ વિશુદ્ધપણે પાલન કરાવી છેવટે ત્યાગ ભાવના ઉપર કેવી રીતે લઇ જાય છે, એ જાણવાનું પણ આમાંથી મળે તેમ છે; ચરિત્ર વાંચતા ચાર મિત્રોની વિચારણા ધર્મ ભાવનાથી અવિહડ રંગાએલી કેવી છે અને એ ભાવનાએ ચારે મિત્રોના આત્માનું કેવું સરસ કલ્યાણ કરેલ છે એ મિત્રાચારીનું મનનીય દ્રષ્ટાંત પણ આમાંથી જાણવા જેવું છે.

**ચરિત્ર નાયકનો દિક્ષા-પ્રસંગ પણ ખાસ વિચારવા જેવો છે, મોહાધીન બનેલા માનવીઓ સમજાવવા છતાં પણ રજા આપતા નહિ હોવાથી પરિણામે તેમને બબ્બે વખત તો ભાગવું પડયું છે,** અને છેવટે **તેઓશ્રીની દીક્ષાતો** એ રીતે **ભાગીનેજ સુરત શહેરમાં થયેલ છે,** આ ઉપરથી જોઈ શકાશે કે **મોહના પ્રબળ સામ્રાજ્યમાં, મોહઘેલા, બનેલાં સગાં-સ્નેહીઓ જ્યારે સમજાવવા છતાં પણ** રજાજ ન આપે **ત્યારે ત્યાગ માર્ગના રસીયાને ત્યાગને પંથે વિચરવામાં ભાગ્યા સિવાય અન્ય કોઈ માર્ગ છેજ નહિ.**

**પૂજ્ય ગુરૂદેવની** સંયમ આરાધના, જ્ઞાન ધ્યાનની તલ્લીનતા, વૈયાવચ્ચતા, જીનાજ્ઞા મુજબની ક્રિયા-કાંડ

કરણી, ગુરૂભક્તિ અને અપ્રમત્ત દશા, વીગેરે ગુણોની સાથે **સતત્ તપશ્ચર્યાનો મહાન ગુણ ખાસ આકર્ષક અને આ કાળમાં સાધુ સંસ્થાને શોભિત કરાવનારો,** તેમજ **જૈન શાશનમાં પ્રભાવક તપોમૂર્તિ તરીકે પ્રસિદ્ધિને પમાડનારો છે.**

અંતમાં ચરિત્ર નાયક પૂજ્ય તપોમૂર્તિ મહાત્માનું જીવન ચરિત્ર વાંચીને વાંચક વૃંદ! શ્રદ્ધાવંત બની આત્મ કલ્યાણની પરમ સાધનામાં રકત બનો એજ અભિલાષા! ૐ શાન્તિ.

વંદન હો! પૂજ્ય તપસ્વી-દાદા પં. શ્રી કર્પૂરવિજયજી ગુરૂદેવને!

| | |
|---|---|
| વીર સં. ૨૪૬૪<br>વિ. સં. ૧૯૯૪<br>આસો સુદિ ૧૦ | **મુનિશ્રી પાર્શ્વવિજય.**<br>**મુ. વઢવાણ કેમ્પ.** |

# સુધારી-લેશોજી !

પાનું ૬૩:- લીટી તેરમી:- મથજો બચવા- એને બદલે
મથજો બચાવા ... ...

પાનું ૮૫:- લીટી ચોથી:- જે અછિવડ રંગે- એને બદલે
જે અવિહડ રંગે ... ...

પાનું ૮૬:- ગીત તેરમું-લીટી ત્રીજી:-

ગણિ પંન્યાસ પદ રાજનગરમાં; ઓગણી નેવ્યાશી વગેરે- તેને બદલે "ગણિ પંન્યાસ પદ રાજનગરમાં, ઓગણી નેવું વગેરે," આ મુજબ પૂજ્ય ગુરૂ મહારાજશ્રીની ગણિપદવી તથા પંન્યાસ પદવી વિ. સં. ૧૯૮૯ ને બદલે ૧૯૯૦માં સમજી લેવી.

---

## —: સુચના :—

પાનું ૭૫:- ગીત છઠ્ઠું રાગ-વાઘેસરી. (લાગી લગન મુને તારી...) એ રાગમાં ગાતાં કોઇને ન ફાવે તો:- "જાત્રા નવાણું કરીએ" ... અથવા "એ વ્રત જગમાં દીવો" એ દેશીમાં પણ ગાઇ શકાશે.

પૂજ્ય પાદ સ્વર્ગસ્થ બાલબ્રહ્મચારી પ્રાતઃસ્મરણીય
પરમ ઉપકારી મુનિરાજ

# શ્રી હર્ષવિજયજી મહારાજ.



શ્રી લક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસ—વઢવાણ કેમ્પ.

કલિકાલે-મહાન ઉગ્રતપ કારક શાન્ત તપોમૂર્તિ
અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવર.

# શ્રી કર્પૂરવિજયજી ગણિવર્ય.



શ્રી લક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસ-વઢવાણ કેમ્પ.

# તપોમૂર્તિ પં. શ્રી [illegible] ગણિ.

વિશાલ બગીચામાં અનેક વૃક્ષો અને છોડવાઓ હોય છે. છતાં બગીચાની વાસ્તવિક શોભા સુગંધથી મહેંકતાં પુષ્પોવાળા છોડવાઓ ગણાય છે અને એ છોડવાઓનો આધાર પણ નેત્રાભિરામ સુંદરવર્ણી સુગંધમય પુષ્પો ઉપરજ હોય છે, આજ રીતિએ વિશ્વ, એ પણ એક વિશાલ બગીચો છે. દેવ, મનુષ્ય, તીર્યંચ અને નારક જીવોથી એ ભરપૂર છે. માનવ જાત, એ વિશ્વ-બગીચામાં સુવર્ણવર્ણી પુષ્પોવાળા છોડવાઓ સમાન છે અને જે માનવો, પોતાના જીવનને સદાચારની સુવાસથી મહેંકતું બનાવે છે. તેઓ નેત્રાભિરામ સુવર્ણવર્ણી સુગંધમય પુષ્પો સમાન છે.

માનવ જાતની આ મહત્તા અંકાવાનો હેતુ શો? દેવો અઢળક રૂદ્ધિના સ્વામિ છે અને તેમની શક્તિ પણ અચિન્ત્ય છે. ધન અને બળ જેટલાં દેવોની પાસે છે, તેટલાં માનવ જાત પાસે નથી તીર્યંચ જીવોમાં પણ બળ ઓછું નથી હોતું, આમ છતાં માનવ જાતની મહત્તા અંકાઇ છે. એજ સૂચવે છે કે-જીવનની સાચી મહત્તા અઢળક સંપત્તિ પ્રાપ્ત કરવામાં કે શારીરિક બળ કેળવવામાં

નથી પણ આત્મવિકાસ સાધવામાં છે આત્મવિકાસ સાધવાને માટે જે સામગ્રીની જરૂર છે જે વિવેક શક્તિ અને જે સંયમ શક્તિની જરૂર છે, તે માનવ જાતને પ્રાપ્ત થાય છે. આથી જ માનવજાત સૌમાં શ્રેષ્ઠ ગણાય છે.

આવું માનવ જીવન પામ્યા, એટલા માત્રથી જ શું વળે? જે હેતુથી માનવ જીવનની મહત્તા આંકવામાં આવી છે, તે હેતુ જો સિદ્ધ કરવામાં ન આવે, તે હેતુ પ્રત્યે ઉપેક્ષા સેવાય અને જે હોવા છતાં દેવો પણ માનવજાતથી ઉતરતા ગણાયા તેજ ઐશ્વર્ય, બળ અને પૌદ્ગલિક વિલાસની પાછળ જીવનને વેડફી નાખવામાં આવે, તો માનવ જીવન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાવાને બદલે, તેને માટે તો, અધમમાં અધમ કોટીનું ગણાય, એ તદ્દન સ્પષ્ટ અને સ્વાભાવિક વસ્તુ છે.

આથી પોતાને પ્રાપ્ત થયેલા માનવ-જીવનની મહત્તા જેઓએ જાળવવી હોય, તેઓએ આત્મવિકાસ સાધવાને માટે મળી ગયેલી સામગ્રીનો સદુપયોગ કરી લેવો જોઇએ. જે વિવેકશક્તિ અને જે સંયમશક્તિ, માનવ ભવની પ્રાપ્તિના યોગે સાંપડી હોય, તેનો સદુપયોગ કરીને, ઉત્તમ માનવ જીવનને સાર્થક કરવા ઇચ્છનારે આત્મ કલ્યાણ સાધવું જોઇએ.

પરન્તુ જીવન, એ એક વિકટ સમસ્યા મનાય છે. સૌ જન્મે છે, જીવે છે અને મરે છે જન્મ, જીવન અને

મરણની એવી કર્મયાન્ત્રિક ઘટમાળ માફક જેઓ સંસારમાં ભટકયા કરે છે, તેઓના જીવનની કશીજ કિંમત નથી. તેઓ જન્મે હેય રડતા, જીવે હેય રડતા અને મરે હેય રડતા. સાચું જીવન તો તે જીવે છે, કે જેઓ રડતા જન્મવા છતાં જીવે છે હસતા, મરે છે હસતા અને જેમના જન્મ વખતે દુનિયા હસી હતી, તેમના મરણ વખતે દુનિયા રડતી હોય. આવાઓનું જ જીવન ધન્ય છે. જેના મરણ વખતે દુનીયા રડે નહિ અને પોતે હસી શકે નહિ. જેના મરણ વખતે પોતે સુખ, સમાધિ અને શાન્તિ અનુભવી શકે નહિ, તે જીવનની કશીજ કિંમત નથી. આથીજ જીવન, એ એક વિકટ સમસ્યા મનાય છે.

દુનીયામાં જેટલા જીવે છે તેટલા શું જીવી જાણે છે? નહિજ. દુનીયાનો મોટો ભાગ એવો છે કે જે જીવે છે ખરો, પણ જીવી જાણવાનું જાણતો નથી. મરવાની આળસે જીવનારાની અને જીવનના ખ્યાલ વિના જીવનારાની સંખ્યા કાંઇ ઓછી નથી. બીજાઓને ત્રાસરૂપ થઇ જીવનારા અને પોતાના જીવનને શ્રાપરૂપ બનાવનારાની સંખ્યામાંય કમીના નથી. એટલે માનવ જાત સર્વશ્રેષ્ઠ ગણાવા છતાં સર્વ માનવો સર્વ શ્રેષ્ઠ ગણાય નહિ. સર્વશ્રેષ્ઠ મનુષ્યો તો તેજ ગણાય કે જે માનવ જીવનની મહત્તાના કારણરૂપ આત્મશ્રેયને સાધે. જે આત્મશ્રેયને સાધે એજ સાચો માનવ છે. એનુંજ જીવન ધન્ય છે. જગતના જીવોને માટે

એજ આશિર્વાદ સમાન છે. આવા માનવ શ્રેષ્ઠોની જેટલી પ્રશંસા કરીયે તેટલી થોડી છે. આજનો પ્રયત્ન એવાજ એક આત્મશ્રેય-સાધક પુરૂષનો પરિચય કરાવવાનો છે.

જીવન-ચરિત્ર લખવું, એનો અર્થ એ નથી કે ભાટવેડા કરવા, આજે પોતાની જોખમદારીનું ભાન ભૂલેલા સ્વકલ્યાણ તથા જન કલ્યાણની અપેક્ષા ભૂલેલા અને માત્ર લેખક તરીકેની ખ્યાતિ મેળવવાને માટેજ કલમથી કદમ ભરનાર કેટલાકો જ્યારે કોઇની પ્રશંસા કરવા બેસે છે ત્યારે ભાટવેડા કરે છે અને ટીકા કરે છે ત્યારે ભાંડવેડા આદરે છે. તેમજ આજે મોટા ભાગને જીવન-ચરિત્રો લખાવાનો અને છપાવી પ્રગટ કરવાનો ચસકો લાગ્યો છે. આનું પરિણામ એ આવ્યું છે કે કોઇપણ પ્રકારની આદરણીય વિશિષ્ટતા નહિ ધરાવનારાઓનાં જીવન પણ દિ ઉગ્યે પ્રગટ થયેજ જાય છે. આના યોગે સત્પુરૂષોનાં જીવન-ચરિત્રો પણ જે રસથી વંચાવા જોઇએ તે રસથી વંચાતા નથી અને જીવન ચરિત્રો તરફ મધ્યમ વર્ગનો અસદ્ભાવ વધતો જાય છે.

જીવન-ચરિત્ર તો તેમનાં લખાવાં જોઇએ કે જેમનાં જીવનમાંથી વાંચનારને કાંઇકેય શિક્ષણ મળે. વાંચનારનું અંતર એવું ઉત્તમ જીવન જીવવાની પ્રેરણા પામે એવી પદ્ધતિથી એ લખાવાં જોઇએ જે જીવન વાંચીને વાંચકને કાંઇકેય કલ્યાણ પ્રેરણા ન મળે અને પૌદ્દગલિક વસ્તુઓ

પ્રત્યેનો મોહ જાગૃત થાય, એ જીવન ચરિત્ર જનતાને માટે શ્રાપભૂત છે. માનવ જીવનની મહત્તાને હણનાર વૃત્તિઓ જેનાથી ઉદ્દીપ્ત થાય, એ જીવન-ચરિત્ર શા કામનું ?

પૂર્વ કાળમાં મહા પુરૂષોના હાથે લખાયેલાં જીવન-ચરિત્રો જૂઓ! જીવન-ચરિત્રો એટલે માત્ર જીવન પ્રસંગો ની યાદી નહિ! જીવન-ચરિત્રો લખવા પાછળ હેતુ સ્વપર કલ્યાણનો હોવો જોઇએ સ્વપર કલ્યાણ સધાય એ હેતુથી જે જીવન લખાય. એ જીવનમાંથી વાંચનારને જરૂર કલ્યાણ પ્રેરણા મળે. આત્મવિકાસ સાધવાની વૃત્તિઓ ઉદ્દીપ્ત થાય. આજનો આ સ્વપર-કલ્યાણ સાધક પ્રયત્ન આ બધી વસ્તુઓને અનુલક્ષીને કરવામાં આવે છે. આજના ચરિત્ર-નાયક સ્વયં સ્વપર કલ્યાણની સાધનામાં જીવન વ્યતીત કરનારા છે, એટલે એમાંથી એવીજ પ્રેરણા મળે એ તદ્દન સ્વાભાવિક છે.

જે ભૂમિમાં શ્રી સિદ્ધગિરિ અને શ્રી ગીરનારજી જેવાં તારક તીર્થો આવેલાં છે, તે કાઠીયાવાડની ભૂમિમાં આવેલા સાયલા નામના ગામમાં, કે જે ભગતના ગામ તરીકે ઓળખાય છે તેમાં શેઠ પુંજાભાઈ હેમચંદને ત્યાં આપણા ચરિત્ર નાયકનો જન્મ વિ. સં. ૧૯૨૮ ના માગશર મહીનામાં થયો હતો. તેમની માતાનું નામ ઉજમબાઈ હતું ઉજમબાઇ હળવદના એક ધર્મનિષ્ઠ કુટુંબનાં પુત્રી હતાં. એક ધર્મનિષ્ઠ આત્મા તરીકે સુન્દર ખ્યાતિને

પામેલા શેઠ કમળશી લવજી હળવદવાળાનાં એ બ્હેન થાય. શેઠ કમળશીભાઈના પુત્ર ચુનીલાલ, કે જેઓ 'મામા' તરીકે ઓળખાય છે, તેઓ પણ આજે પોતાના પૂર્વજોની ધર્મનિષ્ઠાની કારકીર્દિમાં વધારો કરી રહ્યા છે. ઉજમબાઈ પણ એ ધર્મનિષ્ઠ કુટુંબના શુભ સંસ્કારો પામ્યાં હતાં. નવજાત બાળક માતાની ગોદમાં ઉછરે છે, માતાના મુખ સામે જોયા કરનારૂં હોય છે, માતાના દેહમાંથી પોષણ મેળવનારૂં હોય છે, એટલે માતાના જીવનની છાયા બાળકના અંતર ઉપર પહેલી પડે છે; કોરા કાગળ જેવા બાળકના અંતર ઉપર, માના તો ભવિષ્યના જીવનની રેખાઓ દોરે છે. આપણા ચરિત્ર-નાયકના જીવન ઉપર સૌથી પહેલી છાયા તેમની માતાની પડેલી. આપણા ચરિત્ર નાયકે ધર્મ-પ્રેરણાના પાન માતાના દૂધની સાથે પીધાં હતાં. તેમની માતા રોજ ઉકાળેલું પાણી પીતાં, બે વખત પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયાઓ કરતાં અને પર્વ તિથિઓએ તપશ્ચર્યાદિ પણ કરતાં આટલું છતાં, આજે તો તેમનું નામ એથી જ સ્મરણીય નિવડ્યું છે કે-એમના પુત્ર આત્મશ્રેયની સાધનામાં તત્પર બન્યા.

માણસની સાંસારિક પરિસ્થિતિ કોઈ કાળે એક સરખી નથી રહેતી. ચઢતી અને ઓટ, સૌને માટે ચાલ્યા જ કરે છે. પૌદ્દગલિક પદાર્થો એ એવી વસ્તુ છે કે-એને પ્રાપ્ત કરવા, એ માણસની ઈચ્છા અને પ્રયત્નને આધીન નથી.

મેળવ્યા પછી ભોગવવા એ પણ માણસની ઇચ્છા અને પ્રયત્નને આધીન નથી. મેળવેલા પૌદ્ગલિક પદાર્થો ટકી રહેવા, એ પણ માણસની ઇચ્છા અને પ્રયત્નને આધીન નથી. તેમજ કદાચ ટકી પણ જાય, તોપણ એને છોડીને અનિચ્છાએ પણ માણસને ચાલતી પકડવી પડે છે જેટલા મનુષ્યો ઇચ્છા અને પ્રયત્ન શ્રીમંત થવાને માટે, સત્તાધીશ થવાને માટે કે પૌદ્ગલિક પદાર્થો મેળવવા માટે કરે છે, તેટલા કાંઇ તે તે વસ્તુઓને મેળવી, ભોગવી કે સાચવી શકતા નથી, એ બધું ભાગ્યાધીન છે. ભાગ્યચક્રના ચકાવા જેમ ફરે છે, તેમ મનુષ્યની પરિસ્થિતિમાં પલ્ટો આવે છે.

પૂંજાભાઇ શેઠની સ્થિતિમાં પણ એવોજ એક ઓટનો યુગ આવ્યો આથી તેઓએ માદર વતન સાયલાનો પરિત્યાગ કર્યો. " જ્યાં રોટલો ત્યાં ઓટલો ' એ કહેવત મુજબ તેઓ ગુજરાતમાં ' ખેડા ' જીલ્લાના મુખ્ય શહેર ' ખેડા ' માં આવીને વસ્યા. આ વખતે આપણા ચરિત્ર-નાયક મોહનલાલની ઉંમર લગભગ સાતેક વર્ષની થઇ હશે.

ખેડામાં આવીને આપણા ચરિત્ર-નાયક મોહનલાલે ગુજરાતી સાત અને અંગ્રેજી બે ચોપડીઓનું વ્યવહારિક શિક્ષણ પ્રાપ્ત કર્યું તેમજ પંચ પ્રતિક્રમણના મુખ પાઠ જેટલો ધાર્મિક અભ્યાસ પણ કર્યો. આ પછી તેઓ દુકાને બેસતા થયા પણ માનવ જીવનની મહત્તાને સિદ્ધ કરવાનું

ભાગ્ય લઈને જન્મેલા એ મહાપુરૂષ દુનિયાદારીની દુકાન ઉપર વધુ ટકી શકયા નહિ. આત્મશ્રેય સાધવું અને સધાવવું એવાજ વ્યાપારને માટે નિર્માએલા આપણા ચારિત્ર-નાયકે દુનિયાની દુકાનદારી સ્વીકારી ખરી, પણ તેમનું હૃદય સ્વાભાવિક રીતિએજ આત્મશ્રેય સાધવા તરફ ઢળ્યું હતું.

સ્વયં તરીને જગતના જીવોને તરવાનો માર્ગ પ્રકાશિત કરનાર મહા ઉપકારી શ્રી જિનેશ્વર દેવોની તેઓ નિયમિત પૂજા કરતા હતા. પાપના પશ્ચાતાપ રૂપ અને પાપથી પાછા હટવારૂપ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ તેઓ દરરોજ કરતા ધર્મવૃત્તિને પોષનાર પૌષધ દરેક ચતુર્દશીએ કરવાનો તેઓને નિયમ હતો અને બીજાં પણ વિવેક અને સંયમને ખીલવનારા ધર્માનુષ્ઠાનો કરવા તરફ તેઓ લક્ષ્યવાળા હતા. વિ. સં. ૧૯૫૫ માં પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય-વીરસૂરીશ્વરજી મહારાજાએ ખેડામાં ચાતુર્માસ કર્યું. તેઓશ્રીના નેતૃત્વમાં ઉપધાનની ક્રિયા થઇ આપણા ચારિત્ર-નાયક મોહનલાલે પણ એ વખતે ઉપધાન કર્યા. ઉપધાનની ક્રિયા કર્યા બાદ, તેઓએ રોજ એકાસણા કરવાનું શરૂ કર્યું. જે મળે તે અને જ્યારે મળે ત્યારે ખાવાની વૃત્તિ-વાળાઓ, આ યુવાનની આટલી સંયમશક્તિ માટે જરૂર વિસ્મય પામ્યા વિના નહિ રહે. તેઓએ ઉપધાન કર્યા બાદ રોજ ચૌદ નિયમ પણ ધારવા માંડયા. પાપનો ડર

અને પાપનો ખ્યાલ એ વખતે આ યુવાનના અંતરમાં કેટલો હશે, તે વાંચકો આ ઉપરથી સ્હેજે કલ્પી શકશે.

એ ત્રણ દશકા પૂર્વે જનસમુહની જે ધર્મવૃત્તિ હતી અને આજે જે ધર્મહીન વૃત્તિ છે. તે વચ્ચે આકાશ પાતાળ જેટલું અંતર ગણી શકાય. પહેલાં ધર્મ ઉપર સ્હેજે રાગ થતો. જ્યારે આજે મોટે ભાગે ધર્મના નામેજ અભાવ આપણે જોઇ શકીએ છીએ. જ્યારે સામાન્ય જનસમૂહની આ દશા હતી, તો જૈન સમાજની એથી પણ વધુ સુન્દર દશા હોય, તે તદ્દન સ્વાભાવિક છે. જૈન સમાજના ચાર માણસો ભેગા થાય. તો સ્હેજે ધર્મવાર્તા કરતા, તે દિવસે જે વ્યાખ્યાન સાંભળ્યું હોય, જે ધર્મ કથા વાંચી કે સાંભળી હોય યા તો કોઇ ધર્મ પ્રસંગ અન્યત્ર ઉજવાયો હોય તો એકત્રિત થનારા મોટે ભાગે એવી વાતો કરતા કે જેથી અનુમોદનાનો લાભ મેળવતા અને ધર્મવૃત્તિની પ્રેરણા પામતા, છેવટે સાયંકાળે જમીને શ્રી જિનદર્શન અને પ્રતિક્રમણ કર્યા બાદ યુવાન પણ જૈનો એકત્રિત થતા અને ધર્મ ગોષ્ટિ કરતા.

આજે તો તદ્દન ભિન્ન દશા દેખાય છે. શ્રી જિનમન્દિર જેવા પવિત્ર સ્થાનના ચોકમાં પણ બેસીને ધર્મ કથા કરવાને બદલે ધર્મ નિન્દા કરાય છે. ચાર માણસ અમસ્તા એકત્રિત થાય તો પણ કોઈક ધર્મી પુરૂષની

નિન્દા કે કુથલી કરતા હોય છે ધર્મ કરવો નહિ કરવા દેવો નહિ અને કરતા હોય તેમની નિન્દા કરવી. આવી અવદશાના યોગે આજે ક્રમેક્રમે ધર્મ ભાવના ઘટતી જાય છે અને એ દશામાં ધર્મ કરવાની પ્રેરણા તો કયાંથીજ જાગૃત થાય? પૂર્વે તો એવી સાધારણ વાતોમાં પણ કેટલાક ઉત્તમ આત્માઓ આત્મશ્રેય સાધવાના કારણભૂત ક્રિયાઓ કરવાના નિશ્ચયો કરતા.

આપણા ચારિત્ર-નાયક યુવાન મોહનલાલનાં સંબંધમાં પણ એક એવો પ્રસંગ બની ગયો છે. એકવાર ચાર મિત્રો ધર્મગોષ્ઠિ કરતા હતા તે પ્રસંગે ચારેએ નિયમ કર્યો હતો કે-આપણે જ્યાં સુધી દીક્ષા ન લઇએ ત્યાં સુધી દૂધપાક ખાવો નહિ! અત્રે આપણે યાદ રાખવું જોઇએ કે-આવો નિયમ કરવાની ભાવના વૈરાગ્ય વૃત્તિમાંથી નહોતી જન્મી, પરંતુ ભાગવતી દીક્ષા તરફના પુજ્ય ભાવમાંથી જન્મી હતી. પ્રત્યેક સાચા જૈનના અંતરમાં ભાગવતી દીક્ષાને માટે સદ્‌ભાવ જ હોય સંસારનો ત્યાગ કર્યા વિના મુક્તિ થવાની નથી, એવું પ્રત્યેક સાચો જૈન નિશ્ચયપુર્વક માનતો હોય છે જેઓ સંસારનો ત્યાગ કરે છે તેઓજ સાચા વીર છે, તેઓજ સાચા પૂજ્ય છે, એમ તેનું અંતર પોકારતું હોય છે. પોતે સંસારનો ત્યાગ નથી કરી શકતો એ પોતાની પામરતા છે. એમ તેઓ માનતા હોય છે, પ્રત્યેક જૈનના અંતરમાં પ્રત્યેક સાચા જૈનના હૃદયમાં

પારમેશ્વરી પ્રવ્રજ્યા પ્રત્યે આટલો સદ્ભાવ તો જરૂર હોય છે. સાચાં જૈન કુળોનું તો વાતાવરણજ એવું હોય છે કે-સંસાર ત્યાગ તરફ સદ્ભાવ જાગે. સંસાર ત્યાગ તરફ સદ્ભાવ અને સંસાર તરફ વૈરાગ્યભાવ એ બે ભિન્ન વસ્તુઓ છે. બેશક, સંસાર ત્યાગ તરફ સદ્ભાવ પ્રગટયા વિના સંસાર તરફ વૈરાગ્યભાવ જન્મે નહિ: પરન્તુ જેટલા જેટલાને ભાગવતી દીક્ષા તરફ સદ્ભાવ હોય, તેટલાને સંસાર તરફ વૈરાગ્ય થાયજ એવો નિયમ નથી. બાકી સંસાર તરફ વૈરાગ્ય જન્મવામાં સાચાં જૈન કુળોનું વાતાવરણ સહાયક થનારૂં જ હોય. આવો નિયમ આપણા ચારિત્ર નાયકે કર્યો, તેમાં પણ કારણરૂપ વૈરાગ્ય નહિ હતો, પરન્તુ એ પ્રભાવ ધાર્મિક વાતાવરણનો અને સંસાર ત્યાગ તરફના સદ્ભાવનો હતો. વળી આવી રીતિએ સંસાર ત્યાગના હેતુથી અમુક અમુક વસ્તુઓનો ત્યાગ કરાય, તો આ ભવમાં નહિ તો ભવિષ્યમાં પણ ભાગવતી દીક્ષા ઉદયમાં આવે, એવી પણ નિયમ કરનારની ભાવના હોય છે. ટુંકમાં આવા નિયમો વૈરાગ્ય સૂચક નહિ પણ સંસાર ત્યાગ તરફ સદ્ભાવના સૂચક હોય છે. આજે પણ ઘણાઓ આવા નિયમ ગ્રહણ કરે છે: જો કે-તેઓ જાણતા હોય છે કે તેઓ આ ભવમાં તો સંસાર ત્યાગ કરી શકે એમ નથી: છતાં અહીં યાદ રાખવું જોઇએ કે-જે ચાર મિત્રોએ આવી પ્રતિજ્ઞા કરી હતી, તે ચારેયમાંથી એકની પણ પ્રતિજ્ઞા વાંઝણી નહોતી નીવડી.

આ ચાર મિત્રોમાં એક **ગફુરભાઇ ત્રીભોવનદાસ** હતા. પૂજ્યપાદ પ્રૌઢ પ્રતાપી ગણિવર્ય્ય **શ્રીમાન મુળચંદજી મહારાજના** શિષ્ય પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ **વિજય-કમળસૂરીશ્વરજી** મહારાજાની પાસે તેઓએ વિ. સં. ૧૯૫૭ માં ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. તેમનું નામ મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી રાખવામાં આવ્યું હતું. વર્ષોસુધી સંયમની આરાધના કરીને તેઓશ્રી ડભોઇ (દર્ભાવતી નગરી) માં પાંત્રીસ ઉપવાસ કરીને કાળધર્મ પામ્યા હતા. બીજી પણ તપશ્ચર્યાઓ તેઓએ કરી હતી.

આ ચાર મિત્રામાં બીજા **દુર્લભદાસ છગાભાઇ** હતા. પૂજ્યપાદ પરમારાધ્ય શ્રીમદ્ **બુટ્ટેરાયજી મહારા-જના** શિષ્ય પંન્યાસ શ્રી **આનંદવિજયજી** ગણિવર્યના શિષ્ય રત્ન મુનિવર્ય્ય શ્રીમદ્ હર્ષવિજયજી મહારાજા (આપણા ચરિત્ર-નાયકના ગુરૂ) ની પાસે તેઓએ વિ. સં. ૧૯૬૦ માં દીક્ષા લીધી હતી. તેમનું નામ મુનિરાજશ્રી **દુર્લભવિજયજી,** કે જેઓ આજે પણ પોતાના શિષ્ય પ્રશિષ્ય સાથે સંયમ જીવનનો નિર્વાહ કરી રહ્યા છે.

આ ચાર મિત્રોમાં ત્રીજા આપણા ચરિત્ર નાયક **મોહનલાલ પુંજાભાઇ.** પૂજ્યપાદ પ્રૌઢપ્રતાપી ગણિવર્ય્ય **શ્રીમાન્ મુળચંદજી મહારાજાના** શિષ્ય પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ **વિજયકમળસૂરીશ્વરજી** મહારાજાની

પાસે તેઓએ વિ. સં. ૧૯૬૮ માં પારમેશ્વરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી અને પૂજ્યપાદ પરમારાધ્ય **શ્રીમદ્ બુટ્ટેરાયજી** મહારાજાના શિષ્યરત્ન પૂજ્યપાદ **પંન્યાસ શ્રી આનંદવિજયજી** ગણિવરના **શિષ્યવર્ય** પૂજ્યપાદ મુનિરાજ શ્રી **હર્ષવિજયજી** મહારાજાના શિષ્ય થયા હતા. તેઓશ્રીનું નામ મુનિરાજ **શ્રી કર્પૂર વિજયજી** મહારાજ રાખવામાં આવ્યું. ત્યાગને તપસ્વીતાથી આત્મશ્રેય સાધવું એ તેઓનું જીવન ધ્યેય છે.

અને એ ચાર મિત્રોમાં ચોથા તે **વાડીલાલ ખીમચંદ** તેઓએ વિ. સં. ૧૯૭૨ માં આપણા ચરિત્ર નાયકના પૂ. ગુરૂદેવ મુનિવર્ય શ્રીમદ્ **હર્ષવિજયજી** મહારાજાની પાસે પાલીતાણામાં ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓશ્રીનું નામ મુનિરાજ **શ્રી ઉત્તમવિજયજી** મહારાજ. આજે પણ તેઓ પોતાના સંયમ જીવનનો નિર્વાહ કરતા વિચરે છે.

આપણે પાછા મૂળ પ્રસંગ ઉપર આવીએ. વિ. સં. ૧૯૫૬માં આ ચાર મિત્રોએ–આપણે જ્યાં સુધી દીક્ષા ન લઇએ ત્યાં સુધી દૂધપાક ખાવો નહિ! આવો નિયમ કર્યો. આ રીતિએ આપણા ચરિત્ર–નાયક એક સુશ્રાવકને છાજતું જીવન વ્યતીત કરતા હતા. તેઓશ્રીનું લગ્ન વિ. સં. ૧૯૫૯ માં થયું હતું, એક શ્રાવક તરીકે તેઓશ્રીનું જીવન

કેવું આદર્શ હતું. એ આપણે પૂર્વે જોઇ ગયા છીએ. તે ઉપરાન્ત વિ. સં. ૧૯૫૮ માં પૂજ્યપાદ મુનિરાજ શ્રીમદ્ હર્ષવિજયજી મહારાજનું ખેડામાં ચાતુર્માસ થતાં, આપણા ચરિત્ર-નાયક યુવાન **મોહનલાલે સોળ ઉપવાસની તપશ્ચર્યા કરી.** આ વખતે તેમની દીક્ષાની અફવા ઉડેલી, પરન્તુ આપણા ચરિત્ર નાયકે કહેલું કે લેવાય તો સારૂં: બાકી અત્યારે લેવાની ભાવના નથી. આ દરમ્યાન તેઓએ બીજી પણ તપશ્ચર્યાઓ કરી હતી. જેમકે **પીસ્તાલીસ આગમની આરાધના, ચૌદ પૂર્વની આરાધના** અને **चत्तारि ४, अट्ठ ८, दश १०, दोय २,** એમ શ્રી અષ્ટાપદગિરિની ઉપર રહેલા ચોવીશ શ્રી જિનેશ્વરદેવોની **ઉપવાસો કરીને** આરાધના કરી હતી. એક મહીને ઓછામાં ઓછા દશ ઉપવાસ તો ખરાજ એવી રીતિએ શ્રી વીસ સ્થાનકનો તપ કર્યો હતો. શ્રાવક તરીકે રહેવા છતાં પણ એક માણસ કેવી સુન્દર આરાધના કરી શકે છે, કથી રીતિએ આત્મશ્રેય સાધી શકે છે, તે આ ઉપરથી પણ ઘણીજ સારી અને સ્પષ્ટ રીતિએ સમજાય તેમ છે. કદાચ આને આપણે સંયમ જીવનની પૂર્વ તૈયારી તરીકે પણ ગણાવી શકીએ: પરન્તુ સાચું શ્રાવક જીવન એટલેજ સંયમ જીવનની પૂર્વ તૈયારી, ક્ષત્રીયને માટે યુદ્ધમાં જવાનું અનિશ્ચિત પણ નિયત તો ખરૂંજ, તેમ શ્રાવકને માટે સંયમ યુદ્ધની નોબત ગગડે એટલે હાથમાં મીંઢળ બાંધેલાં પણ ક્ષત્રીય હથીઆર લઇને નીકળે, તેમ સંસાર ત્યાગની તીવ્ર ભાવના

જન્મે એટલે શ્રાવક ગમે તે દશામાં બધું છોડીને ચાલતો થાય. શ્રાવક તો એટલા સત્ત્વનીજ રાહ જોતો હોય, કારણ કે-સંસાર ત્યાગ કર્યા વિના આત્મ કલ્યાણ સુરીત્યા સાધી શકાય નહિ, એમ એ નિશ્ચયપૂર્વક માનતો હોય છે.

આ રીતિએ આપણા ચરિત્ર નાયક **મોહનભાઇ** આદર્શ ગૃહસ્થ જીવન વ્યતીત કરી રહ્યા હતા. તેઓના પીતા **પૂંજાભાઈ** શેઠનું વિ. સં. ૧૯૫૭માં દેહાવસાન થયા બાદ તેઓની જોખમદારીમાં વધારો થયો હતો: છતાં પ્રમાણિકતા અને સંતોષથી તેઓ પોતાની જીવન નૌકા હંકારી રહ્યા હતા. બની શકે તેટલી પાપપ્રવૃત્તિ ઓછી કરવા છતાં, માણસ સુખપૂર્વક જીવન નિર્વાહ કરી શકે છે અને અનેક પ્રપંચો કરવા છતાં તેમજ તૃષ્ણાની આગ રાત-દિવસ અંતરમાં ભડભડતી રહેવા છતાં પણ ભાગ્યહીન માણસ જીવન નિર્વાહ કરી શકતો નથી. એવા માણસોને સુખે જીવન નિર્વાહ કરી શકાય એટલું સાધન કદાચ મળી જાય છે. તો પણ તીવ્ર લાલસા એક એવી ભઠ્ઠી છે કે-એ જેનો સુખપૂર્વક ઉપભોગ ન કરવાદે. **મોહનભાઇ** તો પહેલેથીજ ધર્મપ્રધાન જીવન જીવનારા હતા, એટલે તેઓ પ્રમાણિકતા અને સંતોષથી જીવન નિર્વાહ કરતા: સાથે સાથે આત્મશ્રેય સાધક ધાર્મિક અનુષ્ઠાનો પણ યથાશક્તિ આદરવાનું ચૂકતા નહિ.

આમ કાળ પસાર કરતાં તેઓની ઉંમર લગભગ સાડત્રીશ વર્ષની થઇ વિ. સં. ૧૯૬૫માં પ્લેગ ચાલ્યો. પ્લેગને અંગે લોકો ગામ છોડી કોઇ સીમમાં તો કોઇ પરગામ ચાલ્યા ગયા. **મોહનભાઇ** પોતાની **બેન દિવા-ળીને ત્યાં ઉંઝામાં ગયા.** પ્લેગ સમયે તરૂણ માણસોને કાળનો કોળીઓ થઇ જતા **મોહનભાઇએ** જોયા: આશાભર્યા બાળ અને યુવાન સ્ત્રી, પુરૂષોને ભરખાઇ જતાં જોયા: ખાસ કરીને એવા રોગચાળાને સમયે જીવનની ક્ષણ-ભંગુરતાનો જલ્દી ખ્યાલ આવી જાય છે: કોડભર્યાં નરનારી-ઓને ઝપડાઇ જતાં જોઇને ભલભલાનું અંતર હચમચી જાય છે. આવા વખતે આત્માર્થી જનોને સ્હેજે આત્મશ્રેય સાધી લેવાની તમન્ના જાગૃત થાય છે. આમ આપણે પણ કોઇ અણધારી પળે ઝપડાઇ જશું, એ વિચાર એમને સ્વાભાવિક રીતિએ જ આત્મશ્રેયની સાધના તરફ દોરી જાય છે. કોઇને જીવનનો મોહ જાગે છે, તો એવા સમયે કોઇને આત્મહિત સાધી લેવાની પ્રબળ ભાવના જાગે છે.

**એક તો આપણા ચરિત્ર નાયક મોહનભાઇ** પ્રથમથીજ સંસ્કારી હતા: બીજું તેઓએ પ્લેગના યોગે અણધાર્યાં અવસાનો થતાં જોયાં અને ત્રીજું **એમનાં બ્હેન ખૂબજ ધર્મવૃત્તિવાળાં હતાં** એમનો સહવાસ મળ્યો. ઉંઝાની સ્થિરતા દરમ્યાન **એમનું અંતર** વૈરાગ્યથી રંગાઇ ગયું. હવે શા માટે સંસારમાં પડ્યા રહેવું? સંસારનો સંબંધ

તો કર્મજન્ય છે. એક ભવનો પુત્ર બીજા ભવે પિતા બને છેઃ એક ભવની પત્નિ બીજા ભવે ભગિની બને છેઃ માતા પુત્રી બને છે અને પિતા પુત્ર બને છેઃ વસ્તુતઃ કોઈ કોઇનો સંબંધી નથી. તો આવા એક ભવના સંબંધમાં અટવાઇ રહીને મારે શા માટે મહા મૂલા માનવ જીવનને બરબાદ કરવું જોઇએ ? સંયમ, એજ સંસારમાં સારભૂત વસ્તુ છે. સંયમ વિના સ્વપરશ્રેય સધાવાનું નથી. માટે બહેતર એ છે કે-હું ભાગવતી દીક્ષા ગ્રહણ કરૂં ? આવા વિચારોથી મોહનભાઇનું અંતર ઉંડાણમાં ઘેરાઈ ગયું.

**મોહનભાઇએ** ખૂબ ખૂબ વિચારો કર્યા એમનું અંતર બેચેન બની ગયું. આટલું આટલું કરવા છતાં હજુ પોતે કાંઇજ કરી શકયા નથી. **એમ મોહન-ભાઇને લાગ્યું.** ગમે તેટલું કરીએ પણ છકાયની હિંસાથી તો આપણે ગૃહસ્થ જીવનમાં બચી શકીએ નહિ એ વસ્તુએ **એમને સંયમ લેવાને** ઉત્સાહિત કર્યા. **માનવ જીવનની સાર્થકતા સિદ્ધ કરવાનો એમને નિશ્ચય કર્યો. ગમે તેમ થાય,** પણ **મારે તો હવે સંસાર નહિજ જોઇએ,** એવો આત્મ નિશ્ચય કરીને તેઓએ વિ. સં. ૧૯૬૬ **માં ખેડા એક પત્ર લખ્યો** પત્ર લખ્યો એમાં જણાવ્યું કે-હવે હું ભાગવતી દીક્ષા લેવાને ઇચ્છું છું. મારે સંસારમાં હવે રહેવાની ઇચ્છા નથી.

સગાં-સંબંધીઓ ઉપર જાણે એક વિજળી ખરી. **મોહનભાઈના** યુવાન પત્નિ અને ભાઇ ભોજાઇ મોહવશ

અકળાયાં, પ્રૌઢ મોહનભાઇને ના પાડવાથી તેઓ સંસારમાં પડયા રહે. એ અશકય હતું અને મોહને આધીન બનેલા સગાં-સંબંધી મોહનભાઇનો મોહ તજવાને તૈયાર નહિ હતાં. આથી તેઓએ મોહનભાઇને જણાવ્યું કે-તમારે જે કરવું હોય તે પછીથી કરજો, પણ તે પહેલાં અહીં આવો, બધી વ્યવસ્થા કરો અને સૌની સાથે કરવા યોગ્ય વાતચીત કરી લો ?

આવો પત્ર આવવાથી મોહનભાઈ ઉંઝાથી તુર્તજ બેડા આવ્યા તેઓ આવ્યા એટલે સગાં-સંબંધીઓએ કહ્યું કે-હજુ આ દુકાન વિગેરેની વ્યવસ્થા કરવાની છે માટે તમે બે વર્ષ સંસારમાં રહો. બે વર્ષ પછીથી રાજી ખુશીથી તમે દીક્ષા લેજો અમારો વિઘ્ન કરવાનો ઇરાદો નથી. મોહનભાઇએ આ બધું કથન સાચુંજ માની લીધું અને હા પાડી.

પરન્તુ થોડો વખત પસાર થતાં મોહનભાઇએ જોયું કે-આતો તેમની સંયમભાવનાને શીથીલ બનાવવાની પેરવીજ માત્ર હતી. વ્યવસ્થા કરવાની કે એવી વાતજ કોઇ કરતું નહિ. સૌએ ધારેલું કે-પાછા દુકાનના કામે લાગશે એટલે દીક્ષાની વાત ભુલી જશે પણ મોહનભાઇ કયાં દીક્ષાની વાત ભૂલે એવા હતા ? એમણે તો જ્યારે જોયું કે હવે આં લોકો ખાલીજ રોકાણ કરી રહ્યાં છે, રજા આપ-

વાને ઇચ્છતાં નથી, ત્યારે આપણે નવોજ માર્ગ લેવો જોઇએ, એમ નક્કી કર્યું.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય મુનિરાજ શ્રી હર્ષવિજયજી મહારાજે જ્યારે ખેડામાં ચાતુર્માસ કરેલું, ત્યારે **મોહનલાલભાઇને** સાધારણ પરિચય તેઓશ્રીની સાથે થયો હતો. પાછળથી બે ત્રણ વખત ચાતુર્માસમાં **વન્દનાર્થે** પણ **મોહનભાઈ એઓશ્રીની પાસે** જઇ **આવેલા.** આથી **તેઓશ્રીની પાસે દીક્ષા લેવાની ભાવના મોહનભાઇની હતી,** પરન્તુ **મોહનભાઇને દીક્ષા આપવી એ જોખમ વહોરવા** જેવું હતું. **મોહનભાઇ ખેડાથી ગુપચુપ ભાગ્યા અને ધ્રોળ ગયા. ત્યાં મુનિરાજશ્રી માણેકવિજયજી મહારાજ બીરાજતા હતા.** પૂજ્યપાદ **મુનિરાજશ્રી હર્ષ વિજયજી મહારાજની** સાથે તેઓને સારો પરિચય હતો. **મોહનભાઇએ ત્યાં જઇને** સઘળી હકીકત જણાવી, તેમજ પોતે ધ્રોળ હોવાની ખેડા ખબર આપી. ખેડામાં જેવી ખબર મળી કે તરતજ તેઓનાં સગાં ધ્રોળ આવ્યાં. ખેડે આવવાને આગ્રહ કર્યો. **મોહનભાઇએ જોયું** કે-હાલ પાછા ચાલો: વળી ફેર જોયું જશે. **ખરેખર જ્યારે મોહ વશ સંબંધીઓ વૈરાગ્યવાન આત્માઓને રજા નથી આપતા અને બીજી રીતિએ સંસારમાં ફસાવવાની પેરવીઓ કરે છે, ત્યારેજ વૈરાગ્યવાન આત્માઓને**

નાશ-ભાગ કરવી પડે છે. જ્યાં સંબંધીઓ સમજુ બનીને વિરક્ત બનેલા આત્માને આત્મહીતની સાધનામાં સહાયક થનારાં હોય છે અને પુણ્યશાળીની પુણ્ય પ્રવૃત્તિની અનુમોદના કરનારા હોય છે, ત્યાં વિરક્ત બનેલા આત્માને નાશ-ભાગ કરવાની કશીજ જરૂર પડતી નથી.

જેઓ એમ માનતા હોય કે નાશ-ભાગ કરીને ભાગવતી દીક્ષા નહિ કરવી. એમ કરવાથી પ્રભુ શાસનની અપભ્રાજના થાય છે, તેઓએ વિરક્ત આત્માને નાશ-ભાગ કરવાની પરિસ્થિતિમાંથી મુક્ત બનાવવા જોઇએ. માતા પિતાની અનુમતિ વિના પુખ્ત વયે પહોંચ્યા બાદ પણ ભાગવતી દીક્ષા આપવી નહિ, એવું નક્કી કરતાં પૂર્વે જે કોઇ પણ આત્મામાં વૈરાગ્યભાવ પ્રગટે તેને કોઇએ દીક્ષા લેતાં અટકાવવોજ નહિ, એવું નક્કી કરવું જોઇએ. જો આ બન્ને વસ્તુઓ નક્કી થઇ જાય, તો પ્રત્યેક જૈન દીક્ષા જાહેર રીતિએ ધામધુમથી જ સૌની અનુમોદના વધે તે પદ્ધતિથી થાય. પરન્તુ એમ ન થાય તો શું વિરક્ત આત્માઓએ સંબંધીઓના મોહની ખાતર પોતાના આત્મહિત ઉપર છૂરી ફેરવવી? વૈરાગ્યની ભાવના જાગ્યા બાદ અને દીક્ષા લેવાનું સત્વ ખીલ્યા બાદ, સંસાર જેને કારાગાર સમો લાગે, તે શા માટે સંસારમાં પડ્યો રહે? કોઇ કોઇનું

દુઃખ લઇ શકતું નથી, રોકી પણ શકતું નથી છતાં બીજાના મોહને ખાતર વિરક્ત આત્મા શા માટે આત્મહિત હણે ? સંબંધીઓ માને તો સારૂં, નહિતર એમનાથી દૂર જઇને પણ ભાગવતી દીક્ષા લેવી પડે સંસારમાં પણ અજ્ઞાન આત્માઓના બડબડાટને ગણવામાં નથી આવતો, તેમ મોહના ઉછાળાને વશ પડેલાં અજ્ઞાન સંબંધીઓ બડબડાટ કરે, તો વિરક્ત આત્મા એને કેટલું વજન આપે ? બેશક, બને તેટલો પ્રયત્ન તેઓને સમજાવવાને માટે કરે, પરન્તુ સંબંધીઓ માને જ નહિ ત્યાં શું થાય ? વિરક્ત આત્માઓને નાશ-ભાગ કરીને ભાગવતી દીક્ષા ગ્રહણ કરવી પડે છે, તેનું વાસ્તવિક કારણ તો મોહને વશ પડેલા સંબંધીઓજ છે. મોહનભાઇ જેવા પ્રૌઢવયસ્કને પણ એજ કારણે ગુપચુપ બેડા છોડીને ધ્રોળ નાશી જવું પડયું હતું.

ધ્રોળથી તેમનાં સંબંધીઓ મોહનભાઇને પાછા તો લઇ આવ્યા, પરંતુ ધ્રોળ જતાં પહેલાં તો મોહનભાઇએ તેઓ પોતાની ઉપર મોહ રાખનારાઓને નકામા થઈ પડે એવી પ્રતિજ્ઞાઓ કરી હતી. તેઓએ ધાર્યું કે આવી પ્રતિજ્ઞાઓ હું ગ્રહણ કરીશ એટલે સગાંઓના વિઘ્નમાંથી હું જલ્દીથી મૂક્ત થઈ શકીશ.

**તેઓએ** નીચે મુજબ પ્રતિજ્ઞાઓ કરી હતી.

**(૧) રોજ ચાર આના દેહેરાસરે મૂકવા.**

**(૨) કોઇપણ પ્રકારનો વ્યાપાર કરવો નહિ.**

**(૩) ઘેર ભોજન કરવું નહિ.**

**(૪) રોજ એકાસણું કરવું અને—**

**(૫) બ્રહ્મચર્ય પાલન કરવું.**

આવી પ્રતિજ્ઞાઓ કરીને **તેઓ ધોળ ગયા હતા,** છતાં સંબંધીઓ એમને **બેડામાં** પાછા લઇ આવ્યા; પણ **મોહનભાઇ પોતાના નિયમોના પાલનમાં મક્કમ રહ્યા.** રાત દિવસ તેઓ વૈરાગ્યવૃત્તિમાં પસાર કરવા લાગ્યા. અને કયારે અહિંથી છૂટાય એનીજ **તેઓ તો રાહ** જોઇ રહ્યા હતા.

વિ. સં. ૧૯૬૭ માં તેઓ પોતાના આખા કુટું-બની સાથે પાલીતાણામાં ચોમાસું કરવા ગયા ત્યાં તેમની તથા તેમના બ્હેનની ઇચ્છા **માસખમણ ઉપરાંત બે ઉપવાસ** એટલે **બત્રીસ ઉપવાસ કરવાની હતી સોળથી વધુ ઉપવાસનાં પચ્ચખાણ ન થઇ શકે માટે તેઓએ પહેલાં સોળ ઉપવાસનાં પચ્ચખાણ કર્યાં.** દરમ્યાન તેમનાં બ્હેનની તબીયત લથડી. આથી બન્નેએ પહેલા સોળ ઉપવાસ પૂર્ણ કરી પારણું કર્યું

અને ત્યારપછીથી ફરી પણ મોહનભાઈએ પજુસણ પર્વની અઠાઇ કરી, રોજ એકાસણા આદિની તપશ્ચર્યા ચાલુ હોવા છતાં પણ મોહનભાઇ ગૃહસ્થ જીવનમાં પણ એવી કષ્ટસાધ્ય તપશ્ચર્યાઓ કરી શકતા એ જેમ તેમની પૂર્વની આરાધના સૂચવે છે, તેમ આત્મશ્રેય સાધવાની તેમની તીવ્ર અભિલાષા પણ સૂચવે છે.

પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વની પૂર્ણાહુતી થયા બાદ એક વિષમ પ્રસંગ બન્યો. ભાદરવા શુદી નવમીના દિવસે આપણા ચરિત્ર નાયકના વડિલ ભાઇ કસ્તુરચંદનું અવસાન થયું. કોઇ અણધારી બીમારીના યોગે, પાલીતાણામાં જ તેઓના વડીલ ભાઇ ગુજરી ગયા. મોહનભાઇને બે મોટા ભાઇ હતા. સૌથી વડિલનું નામ સુખલાલ અને વચટનું નામ કસ્તુરચંદ. મોહનભાઇ સૌથી ન્હાના. વિ. સં. ૧૯૪૭ માં સૌથી વડિલ ભાઇ સુખલાલનું દેહાવસાન થયું હતું: વિ સં. ૧૯૬૭ માં આ રીતિએ કસ્તુરચંદ પણ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને ચાલ્યા ગયા. મોહનભાઇના પિતા પુંજાભાઇ શેઠનું મૃત્યુ વિ. સં. ૧૯૫૭ માં થયું હતું અને તેમની માતા ઉજમબાઇનું મૃત્યુ વિ સં. ૧૯૬૦ માં થયું હતું: એટલે હવે કુટુંબમાં મોહનભાઇ તેમના ધર્મપત્નિ, તેમની એક પુત્રી તેમની ભોજાઈ તેમજ ઉંઝા-

**વાળાં તેમનાં દીવાળી બ્હેન રહ્યાં.** આ સંયોગોમાં **મોહનભાઇને** છૂટવું મુશ્કેલ હતું. પરન્તુ **તેમનાં બ્હેન દીવાળીબાઇ** તો એવા **ધર્મનિષ્ઠ હતાં કે-મોહનભાઇને** પ્રવ્રજ્યાને પંથે વિચરવામાં સહાયક થયાં. સંબંધીઓનું, **મોહનભાઇને** રોકવાનું બળ આથી વિશેષ ક્ષીણ થયું. ભાદરવા શુદી નવમીના દિવસે તેમના ભાઇ કસ્તુરચંદનું પાલીતાણામાં મૃત્યુ થયા બાદ બીજેજ દિવસે તેઓ સર્વ ખેડા આવ્યા.

આ પછીથી કેટલોક સમય **મોહનભાઇએ** પોતાની ધર્મપત્નિ આદીની અનુમતિ મેળવવા પ્રયત્નો કર્યા: **પરન્તુ મુડદા પાછળે ય મોહથી છાતીફાટ રૂદન કરનારાં મોહાધીન સંબંધીઓ એમ અનુમતિ આપે?** સંસારમાં એવાં **પરમ** પુણ્યશાળી સંબંધોઓ બહુજ થોડાં હશે કે જે હસ્તે વદને આત્મકલ્યાણના માર્ગે વિચરનારને અનુમતિ આપે. **ખરેખર, આવા પ્રસંગોએ તો માર્ગમાં જેઓ વિઘ્ન ખડાં ન કરે, તેઓ પણ પુણ્યશાળી તરીકે પ્રશંસાવાને યોગ્ય છે.**

હવે જ્યારે મોહનભાઇએ જોયું કે-કોઇપણ રીતિએ અનુમતિ મેળવી શકાય એમ છેજ નહિ, એટલે એકવાર વિ. સં. ૧૯૬૮ ના વૈશાખ માસમાં તેઓ ખેડાની નજદિક ત્રણ માઇલ ઉપર આવેલા માતર મુકામે

( કે જે સાચા દેવના તીર્થ તરીકે ઓળખાય છે ત્યાં) ચાલ્યા ગયા. **પોતાની મેળેજ પ્રભુ સમક્ષ તેઓએ સાધુ વેષ ધારણ કરી લીધો.** તેઓનું ધારવું હતું કે–હવે વેષ પહેર્યા બાદ તો સંબંધીઓ મને દીક્ષા લેતાં અટકાવવાની વાતને પડતી મૂકશેઃ પણ બન્યું તો તેથી ઉંધુંજ! **સંબંધીઓને ખબર પડતાં તેઓ માતર આવ્યાં. મોહના ઉછાળાની માફક તેમની બાળવયસ્ક પુત્રી તેમના ઉપર ફેંકાઇ.** વધુ ધાંધલ નહિ થવા દેવાને માટે તેઓ બધાની સાથે સાધુ વેષમાં જ ખેડામાં આવી ઉપાશ્રયમાં ઉતર્યા. પરન્તુ સંબંધીઓએ એવી પરિસ્થિતિ ઉભી કરી દીધી, કે જેથી મોહનભાઇને પોતે પહેરેલો વેષ પોતાની મેળેજ ત્યાગી દેવો પડ્યો.

આમ છતાં, **મોહનભાઇ** તો પોતાની ભાવનામાં મક્કમ જ હતા. **મોહનભાઇ** કોઇપણ સંયોગોમાં સંસારમાં રહેવાને ઇચ્છતાજ નહિ હતા. ધોળ ચાલ્યા જવામાં અને માતરમાં વેષ પહેરી લેવામાં ભલે તેઓને નિષ્ફળતા તો મળી જ હતી, પરન્તુ એટલી ધમાલે સંબંધીઓના હૃદય ઉપર એ અસર જરૂર ઉપજાવી હતી કે–હવે આ આપણા નથી અને આપણા રોક્યા રહેવાના પણ નથી. વ્હેલા મોડા જશે તો ખરા જ ? અને આ અસરનું જ એ પરિણામ હતું કે–આ પછીનો **મોહનભાઇનો** પ્રયત્ન સફળ નિવડ્યો હતો. મોહ **કેટલો દુર્જય છે અને મોહાધીનોના સંસ-**

**ર્યથી વિખુટા પડીને આત્મકલ્યાણ સાધવાનો પન્થ પણ કેટલો વિકટ છે, એનો આવા પ્રસંગોમાંથી જરૂર ખ્યાલ આવી શકે છે.**

આવા પ્રસંગો બની જવાથી **મોહનભાઇ** સાંસારિક સંબંધીઓને મન **એક નજરકેદમાં રાખવા લાયક માણસ** ઠર્યા. તેઓની આવ-જાવ તરફ ચોક્કસ પ્રકારની દેખરેખ રખાવા માંડી. પરન્તુ તેથી શું ? જેને નાસી છૂટવું હોય છે, તેને તો માર્ગ મળીજ રહે છે. આવી દશા જ, વિરક્ત આત્માઓને વગર કહ્યે નાસી છૂટવાની ફરજ પાડે છે વિ. સં. ૧૯૬૮ ના જેઠ માસની શુદી એકમનો એ દિવસ હતો **મોહનભાઇનાં ભોજાઇ પાણી ભરવાને ગયાં હતાં.** એ તકનો લાભ લઇને, **મોહનભાઇએ ઘરછોડયું. સીધા તેઓ સુરત ચાલ્યા ગયા.** ત્યાં પ્રૌઢ પ્રતાપી પૂજ્યપાદ ગણિવર્ય **શ્રીમાન મુળચંદજી મહારાજાના** શિષ્ય પૂજ્યપાદ **આચાર્ય દેવ શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજા** બીરાજતા હતા. **મોહનભાઇએ** ત્યાં જઇને પોતાની હકીકત જણાવી. પૂજ્યપાદ **આચાર્ય મહારાજા મોહનભાઇને** પીછાનતા હોવાથી, તેઓ જેઠ શુદી ૨ ના સુરત આવ્યા અને જેઠ શુ ૩ ના ભાગવતી દીક્ષા આપવાનું નક્કી થયું **હરીપુરામાં રહેતા ટોપીના વેપારી, ચુસ્ત ધર્મપ્રેમી શેઠ નાનચંદ કીકાભાઇને ત્યાંથી વરઘોડો ચઢયો** અને

**દીક્ષા આપીને તેઓનું નામ મુનિરાજશ્રી કર્પૂર-વિજયજી રાખવામાં આવ્યું.**

માનવ જીવનની **મહત્તમ સાર્થકતા સાધવાનાં મોહનભાઇએ તે દિવસે મંડાણ કર્યાં.** સૂક્ષ્મ અને બાદર-હિંસા, અસત્ય, ચોરી અબ્રહ્મ અને પરિગ્રહનો મન વચન કાયાથી કરવા કરાવવા અનુમોદવા રૂપે પરિત્યાગ કરવા રૂપ પાંચ મહાવ્રતો તેઓએ ધારણ કર્યાં. **આ પાંચ મહાવ્રતો એવાં છે કે-એને લેનાર આત્મા કદાચ બીજી શક્તિઓના અભાવે વધુ ઉપકાર ન પણ કરી શકે.** તોપણ સ્વપરશ્રેય, પોતાનાં પાંચ મહાવ્રતોના અનંત જ્ઞાનીઓએ કહ્યા મુજબના પાલનથી, સાધી શકે છે. પોતાને નિમિત્તે થતી અનેક, અસંખ્ય અરે અનંત । જીવોની કતલ તે અટકાવી દે છે. **વિશ્વ ઉપર આ જેવો તેવો ઉપકાર નથી.** પછી તો એ **પંચ મહાવ્રતના પાલનમાં ધીર બને છે, ભિક્ષા માત્રથી જ જીવન નિર્વાહ કરે છે, આત્મ ભાવમાં રમણ કરે છે,** અને **કોઈ ધર્મનો અર્થી આવે તેને ધર્મનો યથાશક્તિ ઉપદેશ દે છે** જગત્માં જો કોઇ પણ મનુષ્યનું એકાન્તે કલ્યાણ કર અને **ઉપકારી જીવન હોય, તો** તે માત્ર **જૈન સાધુઓનું જ છે.** આવા જ આત્માઓ વિશ્વ બગીચામાં સુવર્ણવર્ણી, નેત્રાભિરામ, સૌરભ ભર્યાં પુષ્પો સમાન ગણાય છે. **દુનીઆને દુન્યવી પદાર્થોની**

**આસક્તિ તરફ ઘસડનારા** અને **એમાં જ રક્ત રહે-નારાઓ દુનિયાના ઉપકારીઓ નથી,** પણ **દુનિયાના દુશ્મનો જ છે.** એક નાનામાં નાના જૈન સાધુ જેટલા ઉપકારી છે, તેટલો દુનિયાનો બીજો કોઇ પણ ઉપકારી નથી, સન્માર્ગે વિચરી સન્માર્ગનું ભાન કરાવવું, એજ દુનિયા ઉપર મોટો ઉપકાર છે.

વિ. સં. ૧૯૬૮ના જેઠ શુદી ૩ ના દિવસે આપણા ચરિત્ર નાયક **મોહનભાઇએ આવું એકાન્ત ઉપકાર પરાયણ જીવન સ્વીકાર્યું.** હવે તેઓ **મુનિ-રાજ શ્રી** કર્પૂરવિજયજી તરીકે જગતમાં **ઓળખાવા લાગ્યા.** વિ. સં. ૧૯૬૯ ના કારતક **વદી ૪ ના દિવસે મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીને બારડોલીમાં વડી દીક્ષા આપીને** પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ **વિજય-કમળસૂરીશ્વરજી મહારાજાએ તેમને** પૂજ્યપાદ પ્રૌઢ-પ્રતાપી ગણિવર્ય્ય શ્રીમાન્ મૂળચંદજી મહારાજના ગુરૂભાઇ પૂજ્યપાદ પંન્યાસ **શ્રીમદ્ આણંદવિજયજી ગણિ-વર્ય્યના શિષ્ય રત્ન મુનિરાજ શ્રી હર્ષવિજયજીના શિષ્ય તરીકે જાહેર કર્યા.** વિ. સં. ૧૯૬૯નું ચાતુર્માસ તેઓએ પૂજ્યપાદ આચાર્ય મહારાજની સાથે યેવલા (દક્ષિણમાં) કર્યું અને ત્યારપછી વિ. સં. ૧૯૭૦ માં વડોદરા મુકામે **તેઓ** પોતાના પરમારાધ્ય ગુરૂ દેવ **શ્રીમદ્ હર્ષવિજયજી મહારાજાની પવિત્ર સેવામાં હાજર**

થઇ ગયા. આજે પણ તેઓ પોતાના પરમારાધ્ય ગુરૂદેવની સેવામાં જ વિનય ભક્તિ-પરાયણ જીવન વીતાવે છે.

**ભવાટવીમાં ભ્રમણ કરાવનાર** અને આત્માના મૂળ સ્વરૂપને આચ્છાદિત કરનાર અનાદિકાળથી આત્માને વળગેલાં, આત્માની સાથે એકમેક થઇ ગયેલાં, **કર્મનો સંચય છે.** જ્યાંસુધી એ **કર્મ સંચયનો નાશ ન થાય, ત્યાંસુધી** આત્મા પોતાના મૂળ **સ્વરૂપને પ્રાપ્ત કરી શકતો નથી.** આ **કર્મ સંચયને** દૂર કરવો હોય તો એક તરફથી **કર્મનું** આવાગમન બંધ કરવું જોઇએ અને **બીજી તરફથી** પૂર્વબદ્ધ કર્મોનો નાશ કરવાનો **પ્રયત્ન** આદરવો જોઇએ. સંવર અને **નિર્જરાનું** આ કાર્ય કરવાને માટે એક શ્રેષ્ઠ સાધન **સમ્યક ચારિત્ર છે.** અને **સમ્યક ચારિત્રને સફલ બનાવનાર તેમજ દીપાવનાર** સમ્યક તપ છે. સમ્યક તપ એજ **ચારિત્રશીલ** આત્માઓનું ભૂષણ છે. જે **ત્યાગી, તપસ્વી ન હોય,** એનો ત્યાગ દીપેય નહિ, **ફળેય** નહિ અને **અનુમોદનીય** પણ બને નહિ. **સંસાર ત્યાગને સફલ કરનાર,** દીપાવનાર, અને **પરોપકારક બનાવનાર** એક માત્ર સમ્યક્ તપ છે. **સમ્યક તપ વિનાનો ત્યાગ વસ્તુતઃ ત્યાગરૂપે રહેતો જ નથી.** તપોહીન ત્યાગ આન્તર જીવનનો કશોય વિકાસ સાધી શકતો નથી.

પરન્તુ શ્રી જિનેશ્વર દેવના શાસનમાં, ત્યાગનો અર્થ, લાંઘણ કરવું એ નથી. શ્રી જિનેશ્વર દેવના શાસનમાં તપના છ બાહ્ય અને છ અભ્યન્તર પ્રકારો વર્ણવવામાં આવ્યા છે બારે પ્રકારનો તપ સૂર્ય સમાન છે. સૂર્ય જેમ અન્ધકારને હણે છે, તેમ તપ આત્મા ઉપર પથરાએલા કર્મ સમૂહના અંધકારને હણે છે: છતાં સૂર્યનો તાપ તપમાં હોવાને બદલે, કષાયહીન સૌમ્યતા જ તપમાં હોય છે. તપ કરનારે એ પણ ખ્યાલ રાખવો જોઇએ કે-તપના યોગે બીજી આરાધ્ય આવશ્યક ક્રિયાઓ કરતા અટકી ન જવાય.

સમ્યક ચારિત્રની સાથેનો સમ્યક તપનો આવો સુમેળ નજરે જોવાની ઇચ્છા હોય, તેમને પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજનું જીવન જોઇ લેવું. પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ, એટલે એક મહાન તપોમૂર્તિ! જીવનની એક પણ ક્ષણ તપ વિના ચાલી ન જાય, એની તેઓ કાળજી રાખે છે. જેઓએ પૂર્વે સુન્દર રીતિએ અહિંસાનું પાલન કર્યું હોય છે, તેઓને આ ભવમાં નિરોગી શરીર પ્રાપ્ત થાય છે. એમ જ્ઞાનીઓ ફરમાવે છે. ખરેખર, આ નિર્મળ સત્યનું દર્શન પણ આપણને પૂ. મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજના જીવ-

નમાં થાય છે, અખંડ તપશ્ચર્યા ચાલુ છતાં વિનય અને ભક્તિમાં લવલેશ કમીના નહિ: વૈયાવચ્ચ કરવામાં ક્ષતિ આવે નહિ: ક્રિયાકાંડમાં શિથીલતા નહિ: એમની શક્તિ અને સ્ફુર્તિ જોતાં, કોઈ એમ ન ધારી શકે કે-તેઓ આવા ઉત્કટ તપસ્વી હશે: આવા તપો જીવી હશે.

તેઓએ સમ્યક્ ચારિત્રનો સ્વીકાર કર્યા બાદ તપોમય જીવન વીતાવવું શરૂ કર્યું. આ તપોમૂર્તિની ગૃહસ્થ જીવનની અને સાધુ જીવનની ન્હાની તપશ્ચર્યાઓની તો ગણત્રી થઈ શકે તેમ નથી. મોટીમોટી તપશ્ચર્યાઓ ગણીએ તોપણ વાંચનાર અને સાંભળનાર આશ્ચર્ય અનુભવે તેવી સ્થિતિ છે. વિ. સં. ૧૯૬૮ ના જેઠ માસમાં દીક્ષા ગ્રહણ કર્યા બાદ, હોઠેક વર્ષ પરચુરણ યોગોદ્વહન આદિ તપશ્ચર્યાઓ કર્યા બાદ, વિ. સં. ૧૯૭૦ માં આ તપોમૂર્તિ મહાત્માએ શ્રી વીસ-સ્થાનકની આરાધના છઠથી શરૂ કરી. છઠના પારણે છઠ કરવા શરૂ કર્યા. પારણામાં તો છૂટે મોઢે તો ખાધુંજ નથી અને સાથે વિહાર તો કાયમ ચાલુજ હતો આ તપશ્ચર્યા વિ. સં. ૧૯૭૬ સુધી ચાલી વિ. સં. ૧૯૭૬ માં આવી ઉત્કટ તપશ્ચર્યા ચાલુ છતાં વચ્ચે તેઓશ્રીએ સોલ ઉપવાસ કર્યા હતા. વિ સં. ૧૯૭૭ માં આસો માસની અઠ્ઠાઇથી આરંભીને બધી અઠ્ઠાઇઓ ઉપવાસની

તપશ્ચર્યાથી તેઓએ આરાધી. વિ. સં. ૧૯૭૮ માં ઉપવાસથી વરસીતપ કર્યો. તે પછી વિવિધ તપશ્ચર્યાઓ કર્યા બાદ, વિ. સં. ૧૯૮૨ માં છઠ્ઠની (બે-ઉપવાસની) તપશ્ચર્યાથી વરસીતપ કર્યો. વિ. સં. ૧૯૮૩ માં વરસીતપ પૂર્ણ થયા બાદ સામાન્ય તપસ્યા ચાલુ હોવા છતાં શ્રી પર્વાધિરાજની આરાધના નિમિત્તે સોળ ઉપવાસ કર્યા, અને આસો માસની અઠ્ઠાઇ નવ ઉપવાસથી આરાધી. આ પછી કેટલીક નાની મોટી તપશ્ચર્યાઓ કર્યા બાદ, વિ. સં. ૧૯૮૫ માં આ તપોમૂર્તિ મહાત્માએ (ત્રણ ઉપવાસથી) અઠ્ઠમના તપથી શ્રી વીસસ્થાનકની આરાધના આદરી. અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરવાની આ આરાધના ચાલુ હતી, તે દરમ્યાન વિ. સં. ૧૯૮૬ માં તેઓશ્રીએ પર્વાધિરાજની આરાધના નિમિત્તે (આઠ ઉપવાસથી) અઠ્ઠાઇ કરી. અને વિ. સં. ૧૯૮૮ થી શ્રી વર્દ્ધમાન તપની ઓળી આદરી, અઠ્ઠમના પારણે અઠ્ઠમની ચાલુ તપશ્ચર્યા દરમ્યાન તેઓશ્રીએ આયંબીલની આવી તપશ્ચર્યા આદરી. એ તો ખરેખર બહુજ કષ્ટ સાધ્ય સાધના કહી શકાય. આટલું છતાં વિ. સં. ૧૯૯૦ માં વડતાલના ચાતુર્માસમાં પર્વાધિરાજ પર્વારાધન નિમિત્તે સોલ ઉપવાસની તપશ્ચર્યા કરી. આ રીતિએ તેઓશ્રીએ ૪૦૦ ચારસો અઠ્ઠમ કર્યા. ત્યારબાદ વિ. સં. ૧૯૯૨ માં તેઓશ્રીએ (ખંભાતના

ચાતુર્માસમાં) **અઠ્ઠાઇથી** (આઠ ઉપવાસથી) **વીસસ્થાનક તપ શરૂ કર્યો** અને આજે તે તપની પરૂ **બાવન અઠ્ઠાઇ** પણ થઇ ગઈ છે. તેમજ **શ્રી વર્ધમાન તપની પણ બાવીસમી ઓળી પૂર્ણ થઇ ગયેલ છે. તેઓશ્રીએ જ્ઞાનપંચમી, મૌન એકાદશી, પોષ દશમી, બીજ, આઠમ, ચતુર્દશી,** આદિ તીથીઓની જે **તપશ્ચર્યાઓ કરી છે.** તે તો **ગણત્રીમાં** ઉમેરી પણ નથી પરન્તુ **જ્યાં એક વસ્તુનું પ્રમાણ** વધી જાય છે પછી તો એની સંખ્યા નથી ગણાતી, **આવા મહાપુરૂષોને માટે તો** એમજ કહી શકાય કે-**તેઓશ્રી એક તપોમૂર્તિ મહાપુરૂષજ છે.**

**તપોમૂર્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજની** આ **તપશ્ચર્યાઓની** હકીકત **સાંભળતાં સૌને આશ્ચર્ય** ઉત્પન્ન થાય તેમ છે. **ભલભલાને એમ** થાય કે-આવી ઘોર **તપશ્ચર્યા** શી રીતિએ થતી હશે? પરન્તુ-**આ તપશ્ચર્યા કરતાંય વધુ તાજુબીની** વાત એ છે કે-**આવા મહાન તપસ્વી છતાં સશક્ત, સ્ફુર્તિવાળા** અને **કષાયહીન** જેવા **દેખાય** છે. **ગુરૂની ભક્તિ** અને **સાધુઓની વૈયાવચ્ચ કરવામાં તેઓ સારી રીતે** પંકાય છે. આજે **વૃદ્ધવયે** પણ **આ મહાત્મા** જે કઠોર **તપશ્ચર્યા તપે છે** અને **ઉત્તમ ક્રિયાઓમાં જીવન વીતાવે છે.** તે ખરેખર! **અનુપમ છે, આશ્ચર્યકારી છે. સૌને શિર ઝુકાવવા પ્રેરે તેમ છે.**

આ મહાપુરૂષે પોતાનું આત્મશ્રેય સાધવાની સાથે બીજા પણ અનેક આત્માઓને તાર્યા છે. એમના સંસર્ગમાં આવનાર સૌને તેઓ આત્મશ્રેય સાધવાની પ્રેરણા કરી છે. તેઓની એ એકજ ઉત્કટ અભિલાષા રહે છે કે-સૌ કોઇ પોતાના કલ્યાણ માર્ગને સમજે અને આરાધે. શ્રી જિનેશ્વર દેવના શાસનનાં અનુપમ તત્વોના અધ્યયન, ચિન્તન અને મનન પાછળ પણ તેઓ દત્ત ચિત્ત રહ્યા છે. તેઓશ્રીને આવા શાન્ત, તપસ્વી ત્યાગી અને પરોપકારી તેમજ વિનયાદી ગુણથી વિભુષિત જોઇને, તેઓશ્રીમાં આવી અનેક સુયોગ્યતાઓ હોવાથી યોગોદ્વહન કરાવીને પૂજ્યપાદ મુનિરાજશ્રી હર્ષવિજયજી મહારાજાએ તેઓશ્રીને પંન્યાસ અને ગણિપદ ઉપર પ્રતિષ્ઠિત કરવાનું નિશ્ચિત કર્યું. વિ. સં. ૧૯૮૯ માં કા. વ. ૪ ના ગણિપદ અને કા. વ. ૭ ના પંન્યાસ પદ પૂજ્યપાદ શાંત તપોમૂર્તિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયસિદ્ધિ સૂરિશ્વરજી મહારાજના નેતૃત્વમાં પ્રદાન થયાં હતાં.

આ પછી ચરિત્ર–નાયક તપોમૂર્તિ આ મહાત્માએ પોતાના વયોવૃદ્ધ ગુરૂદેવની છત્રછાયામાં, વિ. સં. ૧૯૯૦ ના વડતાલના ચાતુર્માસમાં ખંભાતના એક ભાઇ શાહ અંબાલાલ પરતાપચંદભાઇને અષાઢ સુદિ ૫ ના રોજ દીક્ષા આપી અને નામ મુનિ શ્રી

અમરેન્દ્રવિજયજી રાખવામાં આવ્યું. આ દીક્ષાના પ્રસંગને વડતાલના શ્રી સંઘે મોટા મહોત્સવપૂર્વક, શાસન ઉન્નતિ કરવા પૂર્વક ઘણો સારી રીતે ઉજવ્યો હતો. ચાતુમાસમાં ચૌદ પૂર્વ અને નવપદજીના તપની આરાધના સાધુઓ, શ્રાવકો અને શ્રાવિકાઓને કરાવી. તેમજ સાધુઓને યોગોદ્વહન પણ કરાવ્યા. ઉપરાંત પોતાના પરમપૂજ્ય બાલબ્રહ્મચારી વયોવૃદ્ધ ગુરૂવર્યશ્રીની વૈયાવચ્ચમાં જરાય ખામી આવવા દેતા નહિ. કારણ કે–વૈયાવચ્ચ કરવી એ પરમગુણ અને જીવન ધ્યેય છે, એમ આ મહાત્માના હૃદયમાં અંકાઇ ગયેલું જ છે. શાસ્ત્રકારોએ પણ આ ગુણને અપ્રતિપાતિ ગુણ કહ્યો છે. માટે આ ગુણને સહુ કોઇ આત્માર્થીઓએ જીવનમાં ઉતારવો જોઇએ. વિ. સં. ૧૯૯૦ નું ચાતુર્માસ પૂર્ણ થયા બાદ સોજીત્રાના શાહ પાનાચંદ છગનલાલભાઇની મુનિશ્રી અમરેન્દ્રવિજયજીને વડી દીક્ષા પોતાના આંગણે અપાવવાની તીવ્ર વિનંતી હોઇ; સોજીત્રા ગયા ત્યાં મુનિશ્રી અમરેન્દ્રવિજયજીને વડી દીક્ષા વિ. સં. ૧૯૯૧ ના કારતક વદી અગીઆરસના રોજ પાનાચંદભાઇના જીનમાં ગામ બહાર આપી તે પ્રસંગે સોજીત્રાના શ્રી સંઘે તથા સંઘના આગેવાન શેઠ રણછોડભાઇ વિગેરે ભાઇઓએ પણ ઘણોજ સારો લાભ લીધો.

ત્યારબાદ સં. ૧૯૯૧ નું ચાતુર્માસ ખેડામાં પોતાના પૂજ્ય ગુરૂદેવની સાથેજ કર્યું. ત્યાં આગળ પોતાના પૂજ્ય ગુરૂદેવની આજ્ઞાથી પોતાના વિદ્વાન શિષ્ય મુનિશ્રી અમૃતવિજયજીને ભગવતિ સૂત્રના યોગોદ્વહનમાં દાખલ કર્યા. અને ગણિપદ તથા પંન્યાસ પદ ઘણીજ ધામધુમ પૂર્વક અર્પણ કર્યું. આ પ્રસંગને ખેડાના શ્રી જૈનશાળાના શ્રી સંઘે પૂર્ણ ઉત્સાહથી, અભૂત પૂર્વ રીતિએ ઉજવી જૈન શાસનની ઘણી સારી પ્રભાવના કરી હતી.

વિ. સં. ૧૯૯૧ નું ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પૂજ્ય ગુરૂદેવ શ્રીની સાથે માગશર સુદિ ૧ ના માતર મુકામે શ્રી સાચા દેવ સુમતિનાથ પ્રભુની જાત્રા કરવા શ્રી જૈનશાળાના સંઘ સહિત માતર પધાર્યા. ત્યાં જૈનશાળાના સંઘ તરફથી પૂજા તથા સાધર્મીક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. માતરમાં બે ચાર દિવસ રોકાઈ પાછા ખેડે જવાનું હતું. પરંતુ પોતાના પૂજ્ય ગુરૂદેવશ્રી માગશર સુદિ ૧ ની સાંજે પ્રતિક્રમણ કરી જ્યાં પોતાના સંથારામાં બેસવા જાય છે ત્યાં અવસ્થાને લઈને કંઇક નજર ઓછી પડતી હોવાના કારણે. તેમજ સંથારો પણ આસનની જોડે હોવા છતાં ભાવિ બળવાનના કારણે અચાનક પડી ગયા. જો કે-તેઓશ્રીની ૭૮ વર્ષની ઉમર હતી છતાં શરીરમાં શક્તિ અપૂર્વ હતી. કોઇ દિવસ હાથ ઝાલીને

તેમને ઉભા કરવા નથી પડયા છતાં આ રીતે **અચાનક** પડી જવાથી તેમના એક હાથનું હાડકું ખસી ગયું. પરંતુ **માતરના શ્રી સંઘે તાત્કાલિક ઉપાયોદ્વારા મહારાજજીને જલ્દી આરામ કરવા બનતું** કર્યું. અને સાથે સરકારી દવાખાનાના એક ભાવિક ડોકટરના સુપ્રયત્નથી **મહારાજજીને** (પોતાના ગુરૂદેવને) આરામ થતો આવ્યો તે પ્રસંગે પણ આ **આપણા ચરિત્ર નાયકે પોતાના ગુરૂવર્યશ્રીની જે સેવા બજાવી છે, તે અજોડ છે.** એમ નજરે જોનાર કોઇ પણ કહી શકે છે.

ત્યારબાદ વિ. સં. ૧૯૯૨ ના માગશર સુદિ ૧૦ ના રોજ માતરથી પોતાના ગુરૂવર્યશ્રીને ઘણો આરામ થઇ ગયેલ હોવાથી ડોળીમાંજ બેસારીને સાથેજ **ખેડે** આવ્યા ખેડામાં પણ **અતિશય ભક્તિવંત** ડૉકટર **મનસુખલાલભાઇએ** પણ ગુરૂભક્તિનો અપૂર્વ લાભ લીધો હતો. માગશર સુદિ ૧૨ નો રાત્રે પોતાના વયોવૃદ્ધ ગુરૂશ્રીની તબીયત એકદમ પ્રતિક્રમણ કરતાં કરતાંજ બગડી અને **તેરસની રાત્રે પુજય ગુરૂદેવશ્રી કાલ ધર્મ પામ્યા.** અને એથી કરી આપણા **ચરિત્ર-નાયકને ઘણોજ આઘાત થયો** આ પ્રસંગને પણ **ખેડાના શ્રી જૈનશાળા સંઘે** યોગ્ય રીતિએ ઉજવીને શાસન સેવામાં પોતાનો અપૂર્વ ફાળો અર્પી મહાન્ લાભ લીધો.

હવે **પોતાના ગુરૂવર્યશ્રી સ્વર્ગસ્થ થવાથી** આપણા **ચરિત્ર નાયકને** ઘણોજ આઘાત લાગ્યો હતો,

પરંતુ તેમાં નિરૂપાયજ હતો. સમુદાયની બધી જોખમ-દારી તેઓશ્રીને શિરે આવી પડી. અનુક્રમે ખેડાથી વિહાર કરી પૂજ્ય તપસ્વીજી પંન્યાસજી મહારાજજી શિષ્ય પ્રશિષ્ય પરિવારે સહિત અમદાવાદ નાગજી ભુધ-રની પોળમાં વકીલ સાંકળચંદ રતનચંદભાઇના ઉપાશ્રયે પધાર્યા. ત્યાં આગળ પૂજ્ય તપસ્વીજી પંન્યાસજી મહારાજજીની એક આંખે મોતીયો આવ્યો હતો. તે પૂર્ણ રીતે પાકી ગયો હતો. તેને ઉત-રાવવા નક્કી થયું. પરંતુ ક્યાં ઉતરાવવો દવાખાને જઇને ઉતરાવવો કે-ઉપાશ્રયમાંજ ઉતરાવવો તે નક્કી ન હતું. પરંતુ પોળના ધર્માનુરાગી શેઠ કચરા-ભાઇ અમૃતલાલ તથા સ્વર્ગસ્થ વકીલ સાંકળચંદ-ભાઇના ધર્મપત્નિ, ધર્માનુરાગી અતિભક્તિવંત સુશ્રાવિકા ચંપાબ્હેન વિગેરેના આગ્રહથી-ઉપાશ્રયેજ મોતીયો ઉતરાવવા નક્કી થયું. અને ત્યાંજ મોતીયો ઉતરાવ્યો. જે દિવસે મોતીયો ઉતરાવ્યો તે દિવસ-થીજ પૂજ્ય તપસ્વીજી પંન્યાસજી મહારાજશ્રીએ અઠ્ઠમના (ત્રણ ઉપવાસના) પચ્ચકખાણ કરી લીધાં. આ રીતે મોતીયો ઉતરાવવામાં પણ અઠ્ઠમનો તપ જાણી ડૉક્ટરને પણ અત્યંત આશ્ચર્ય થયું. હમેશાં પોતે જાતેજ તપાસવા આવવા લાગ્યા. જો કે ડૉક્ટર જ્ઞાતીએ પટેલ હતા. પરંતુ ભક્તિવંત હતા. અઠ્ઠમના પારણાના દિને ડૉક્ટર આંખ તપાસીને ઘણાજ

આનંદ પામ્યા અને કહેવા લાગ્યા કે જે આરામ સામાન્ય રીતે પંદર દીવસે થાય તે પૂજ્ય ગુરૂદેવને ત્રણ દિવસમાંજ થયેલ છે. એથી તેમને પણ ઘણોજ સંતોષ થયો.

આશ્ચર્ય તો એજ છે કે-આંખે મોતીયો ઉતરાવ્યો તેમાંય અઠ્ઠમ તપની આરાધના છોડી નથી આ કેટલી બધી સત્વશીલતા કહેવાય? આ પછી ચાતુર્માસ નજીક આવતાં ધર્મનિષ્ઠ શ્રી ખંભાત તપગચ્છ અમર જૈનશાળાના મુખ્ય કાર્યવાહક, દૃઢધર્મી દ્વાદશ વ્રતધારી, શુદ્ધ સમ્યકત્વ ધારી, સંઘપતિ શ્રેષ્ઠિવર્ય શ્રી કસ્તુરભાઇ અમરચંદના વિનંતિ પત્રથી તેમજ તેઓશ્રીના પ્રપૌત્ર શ્રેષ્ઠિવર્ય શ્રી રમણભાઈની વિનંતિથી તથા અમદાવાદવાળા શાહ ગીરધરભાઇ પુરૂષોત્તમદાસની પ્રેરણાથી ચરિત્ર નાયક તપોમૂર્તિ આ મહાત્મા શિષ્યાદિ પરિવારે સહિત શ્રી ખંભાત તરફ ચાતુર્માસ માટે પ્રયાણ કર્યું.

આ દરમ્યાન આદરેલ અઠ્ઠમથી વીસસ્થાનક તપ સંપુર્ણ થયેલ હતો અને વર્ધમાન તપ ચાલુ હતો છતાં જાણે આસન સિદ્ધિકજ ન હોય શું? તેમ તે ભાવને સુચવનાર અઠ્ઠાઇ (આઠ ઉપવાસ) થી વીસસ્થાનક તપ આરાધવાની ભાવનાને મન સાથે પેટલાદ મુકામે દૃઢ કરી. અને કોઇ જાણેય નહિ તેમ ખંભાતમાં પ્રવેશ

કરતાંજ મુલચંદ મામાના બંગલેથીજ વિ. સં. ૧૯૯૨ ના અષાડ સુદિ બીજથીજ ખંભાતમાં ભાવિ વિઘ્ન સમૂહના નાશને માટેજ જાણે ન હોય ? તેમ અરિહંત પદની પ્રથમ અઠ્ઠાઇનો પ્રથમ ઉપવાસ કરી પ્રવેશ કર્યો. આ વાતની ખબર પડતાં કોને આશ્ચર્ય ન થાય ? અર્થાત સહુ કોઇને થાય. એકલા ખંભાતીઓનેજ આશ્ચર્ય થયું, એટલુંજ નહિ પણ જેમ જેમ આ તપની સુવાસ ફેલાવા માંડી તેમ તેમ દેશ દેશાન્તરે રહેલા સહુ કોઇ યોગ્ય આત્માઓને આશ્ચર્ય થવા લાગ્યું. અને કલિકાલમાં આ દુષ્કર તપકારક મહાત્માના તપની અનુમોદનાના પત્રો આવવા લાગ્યા. એટલુંજ નહિ, પણ આ તપે ધર્મ દુશ્મનોના હૈયાને પણ હચ-મચાવ્યાં. ખરેખર ! તપનો મહિમા અપાર અને વચનાતીત છે. તપના પ્રભાવે ઇન્દ્રોના આસન કંપાયમાન થાય તો આ બીચારા કોણ ?

આપણે મૂળ વાત ઉપર આવીએ શ્રી ખંભાતમાં પ્રવેશ કર્યા બાદ ચરિત્ર-નાયક તપોમૂર્તિ આ મહાત્મા જેમ જેમ તપમાં આગળ વધ્યા, તેમ તેમ તેમનો વીર્યોલ્લાસ અપુર્વ જણાતો હતો. કારણ કે વૃદ્ધાવસ્થા તેમજ આઠ આઠ ઉપવાસ, છતાં પ્રતિક્રમણાદિક ક્રિયાઓ પણ મોટા ભાગે ઉભા ઉભાજ કરતા હતા. ભણવું, ભણાવવું વિગેરે સ્વાધ્યાયમાં તલ્લીન જાણે

**પ્રમાદને દેશવટો દીધો ન હોય શું ! એમ દરેકને** લાગતું આ વાત **તેઓશ્રીના** સહવાસમાં આવનાર સહુ કોઇ જાણે છે.

આ **મહાત્માના તપોબલે કરી** શાસનહિતના કાર્યમાં આવતાં તમામ વિઘ્નોનો (ખંભાતમાં) ભૂકકો થઇ ગયો. એ સહુ કોઇ જાણે છે. આ મહાત્માએ ખંભાતમાં અડગપણે રહી વિ. સં. ૧૯૯૨ માં ભાદરવા સુદિ પાંચમ બે હોવા છતાં એ ભાદરવા સુદિ ૪ ને શનીવારની શાસ્ત્રાનુસારી સંવત્સરી પરમ ગીતાર્થ આચાર્ય મહારાજાની અનુમતિથી કરી, અનેક ધર્માત્માઓને પતિત થતા બચાવી, મહાન ઉપકાર કર્યો છે. **ધન્ય છે, આવા મુનિવરોને** અને **તેઓની ધર્મ શ્રધ્ધાની અડગતાને,** તેમજ **તેઓશ્રીના તપના મહિમાને** તેમજ જીન આજ્ઞાનુસાર ધર્મારાધક, **વર્તમાન કાલે પરમ શ્રમણો પાસક,** નૈર્મલ્ય સમ્યકત્વ ધારક, **સંઘપતિ શ્રી કસ્તુરભાઈ અમરચંદને,** તેમજ દૃઢધર્મી, વચનાનુસાર ધર્મારાધક, **શ્રી સંઘની ધર્મ ચૂસ્તતાને** કોટીશઃ **ધન્યવાદ** ઘટે છે.

ખરેખર જ્યાં **આવા ઘોર તપોમૂર્તિ મહાત્મા,** અને જ્યાં **ઉજ્વલ સમ્યક્ દર્શન પાલક,** જે ઉન્માર્ગે દોરવાયેલ **જો ધુરંધર આચાર્ય હોય તો** પણ **નહિ નમનાર** અને **આજ્ઞાનુસારી આજનો સાધુ થયેલ હોય તોપણ વૃદ્ધાવસ્થા છતાં અબ્ભુઠ્ઠીયાના પાઠથી વંદન કરનાર**

સંઘપતિ, અને દૃઢધર્મી સંઘ એ ત્રીવેણી સંગમ હોય ! ત્યાં ધર્મની અજબ પ્રભાવના થાય એમાં શું! આશ્ચર્ય ? મૂલ વાત એ છે કે આ તપોમૂર્તિ મહાત્માનો પ્રભાવ કોઇ ઓરજ છે, તેમજ આ મહા પુરૂષના હુસ્તક ત્રણવાર શાંતિ સ્નાત્ર ભણાવાયાં. એકવાર તો મુનિશ્રી અમરેન્દ્ર વિજયાદિએ પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના નિમિત્તે કરેલ સોલ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તો બીજીવાર ચાતુર્માસ બાદ અતિ આગ્રહ ભરી વિનંતી કરી મહારાજશ્રીને રોકીને દૃઢધર્મપ્રેમી, શાસન ભક્ત, શ્રેષ્ઠીવર્ય નગીનદાસ આશાલાલે પોતાના પૂજ્ય માતુશ્રીના નિમિત્તે ભણાવ્યું, અને ત્રીજી વાર, ચરિત્ર-નાયક તપોમૂર્તિ આ મહાત્માની શ્રી અરિહંત પદની આરાધના પૂરી થતાં ચૂસ્ત ધર્મપ્રેમી, શ્રેષ્ઠી-વર્યશ્રી નગીનદાસ આશાલાલની પ્રેરણાથી શ્રી સંઘે ભણાવ્યું. આમ ખંભાતમાં ચોથો આરો વર્તાઇ રહ્યો હતો. એટલામાંજ શ્રી સંઘ પતિજીના ઘરે દીકરાના લગ્ન આવ્યાં અને તે પ્રસંગે શ્રી શત્રુંજયાદિ તીર્થની રચના અને અઠ્ઠાઇ મહોત્સવ કરવાની ભાવના હોવાથી મહારાજશ્રીની વિહાર કરવાની તીવ્ર ભાવના હતી, છતાં શ્રી સંઘપતિ આદિની આગ્રહ ભરી વિનંતી હોવાથી રોકાઇ જવાની ફરજ પડી. શ્રી સંઘપતિ શેઠશ્રીના પ્રપૌત્ર શેઠ શાન્તિલાલ-ભાઇએ લગનના પ્રસંગે પણ ખડે પગે ઉભા રહી શ્રી શત્રુંજયાદિ તીર્થની રચના કરાવી, અને શાસનની

શોભામાં વધારો કર્યો, તે ખરેખર અનુમોદનીય અને પ્રશંશનીય છે.

કારણકે શાસ્ત્રકાર પરમર્ષિઓ ફરમાવે છે કે સંસારના કારણરૂપ લગ્નાદિક પ્રસંગે ધર્માત્માઓએ ધર્મ દીપાવવા છતી શક્તિએ અઠ્ઠાઇ મહોત્સવ સાધર્મીક વાત્સલ્ય વિગેરે ધર્મકરણી કરતાં ચુકવું જોઇએ નહિ.

નહિતર કેવળ પાપ પોષાય છે, આથી ધર્મી આત્માઓએ લગ્નાદિક પ્રસંગ હોય તોપણ ધાર્મીક શાસન પ્રભાવનાના કાર્યો કરવા ચુકવું જોઇએ નહિ. જો આ પ્રમાણે દરેક નગરો અને ગામોના શક્તિ સંપન્ન આત્માઓ ધર્મ દીપાવવા, ઉદારતાથી પોતાની અસાર લક્ષ્મીનો સદ્દવ્યય કરે, તો ધર્મ કેવો સુંદર દીપી ઉઠે ? પણ લક્ષ્મી હોય છતાં ધર્મરાગ અને લક્ષ્મીની નિર્મોહતા સિવાય કંઇપણ નજ બને !

મૂલ વાત એ છે કે—શ્રી સંઘપતિજીના આગ્રહથી મહારાજશ્રી રોકાયા અને ધર્મ પ્રભાવનામાં વૃદ્ધિ થઇ.

ઓચ્છવ ચાલુ હતો તેજ પ્રસંગે શ્રી સંઘપતિ આદિની આગ્રહ ભરી વિનંતીથી ચાતુર્માસને માટે પરમ પૂજ્ય નૂતન કપોલ કલ્પિત સમય ધર્મેચ્છેક, પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ, કવિકુલકિરીટ, શ્રી ૧૦૦૮ શ્રી વિજયલબ્ધિ સૂરીશ્વરજી મહારાજા સહ પરિવાર

પધાર્યા. અને શ્રી સંઘે અપૂર્વ ઠાઠમાઠથી પ્રવેશ કરાવ્યો. એટલે શ્રી સંઘના હર્ષનો અને શાસન શોભાનો પાર રહ્યો નહિ. જ્યાં પ્રભાવિક મહાત્માઓના ચરણથી ભુમિકા પવિત્ર થાય, ત્યાં શાસન શોભાની વૃદ્ધિ થાય તેમાં નવાઈ શી?

કહેવાની મતલબ એ છે કે-ચરિત્ર નાયક તપોમૂર્તિ આ મહાત્માના સુયોગથી શાસન પ્રભાવના થઇ રહી હતી અને તેમાં પરમપૂજ્ય આચાર્ય દેવશ્રીનો યોગ થતાં વિશેષે થઇ.

હવે પ. પૂ. શ્રીમદ્ આચાર્ય દેવશ્રીની ચરિત્ર નાયક મહાત્માને રોકવાની તીવ્ર ભાવના હતી. છતાં હુલવદ વાસી ધર્મપ્રેમી, ઔદાર્યાદિ ગુણ સંપન્ન, શ્રેષ્ઠીવર્ય ચુનીલાલ કમલસીભાઇ અને હુલવદ વાસી શ્રી સંઘના આગ્રહથી ચાતુર્માસ માટે હુલવદ તરફ પ્રયાણ કરવાનું હોવાથી, નિરૂપાયે પૂજ્ય તપસ્વીજી મહાત્માને ઉનાળાની ખરી ગરમી હોવા છતાં, છુટા પડવાની ફરજ પડી. અને સહ પરિવાર ઉગ્ર તપ અને ઉગ્ર વિહાર કરી શ્રી માતર તીર્થની યાત્રા કરી કાઠીયાવાડમાં હુલવદ તરફ પ્રયાણ કર્યું અનુક્રમે હુલવદ આવી પહોંચ્યા. હલવદના શ્રી સંઘે વિ. સં. ૧૯૯૩ના જેઠ વદિ ૮ ના રોજ ભવ્ય સ્વાગત કરી ઘણાજ આડંબરથી પ્રવેશ કરાવ્યો.

ચાલુ વિહારમાં, તેમજ અહિં પણ, આ મહાત્માને અઠ્ઠાઇથી સિદ્ધપદની આરાધના ચાલુજ હતી. આથી જ્યાં બ્રાહ્મણોની ઘણી વસ્તી છે, ત્યાં આ હુલવદમાં શાસન પ્રભાવના ઘણીજ સારી થઇ. અને સમયાનુસારે શ્રી સંઘે પણ શાસન પ્રભાવનામાં સારો સાથ આપ્યો. હુલવદ જેવા અજોડ ક્ષેત્રમાં પણ આ મહાત્માના સુયોગે અનેક ભાઇ બ્હેનોએ ચૌદ પૂર્વના તપની આરાધના કરી અઠ્ઠાઇનો તપ ચાલુ હોવા છતાં ક્રિયા આ મહાત્મા સ્વયં કરાવતા. તપ આરાધકોને માટે શ્રી સંઘના જુદાજુદા સદ્દગૃહસ્થો તરફથી એકાસણા વિગેરેની સગવડ કરાઇ. તેમજ તપ પૂર્ણ થયા બાદ ઠાઠમાઠથી ચૌદ પૂર્વનો વરઘોડો નીકળ્યો. તેમજ પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના નિમિત્તે વરઘોડો, સાધર્મીક વાત્સલ્ય, તેમજ દેવદ્રવ્ય, જ્ઞાન-દ્રવ્ય અને સાધારણ દ્રવ્યની કુલે રૂા. ૧૪૦૦, ૧૫૦૦ જેટલી ઉપજ થઇ, તેમજ લગભગ ૪૦ ઘર શ્રાવકોનાં તેમાં ઘેર ઘેર ઓછામાં ઓછા એક જણ અઠ્ઠાઇ કરનાર આ રીતે કુલે ૧૬-૧૭ અને અઠ્ઠાઇઓ કરનાર મળી ૪૦ એકજણાં તપ કરનાર નીકળ્યાં. વસ્તીના પ્રમાણમાં હુલવદના સંઘનો તપની અંદર વર્તમાન દરેક સંઘમાં લગભગ પ્રથમ નંબર ગણાતો. બીજા છુટા ઉપવાસવાળાની તો ગણત્રીજ નહિ. આ બધો પ્રભાવ આ મહા તપસ્વીજી મહાત્માનો હતો.

ઉપરાંત સાધારણખાતામાં રહેલ તોટો પૂરવા માટે દરરોજ સાધારણની પેટીમાં એક પઇસો કોઇને બે પઇસા નાખવા, એમ કોઇને બે વરસ કોઇને પાંચ વરસ એમ નિયમો કરાવ્યા. તદુ ઉપરાંત બાકી રહેલ ખરડાને પૂરવા પાંચ વરસ સુધી વ્યાપારીઓ ઉપર અમુક ટેક્ષ નંખાયો, આથી વરસો વરસ સાધારણના ખરચ જેટલી આવક થવાથી દેવદ્રવ્યમાંથી જમા કરી સાધારણ જે નભાવાતું હતું અને શ્રી સંઘ દેવદ્રવ્યના દેવાથી ભારે થતો, તે અટક્યો. આથી શ્રી સંઘને પરમ હર્ષનું કારણ બન્યું.

આજ રીતે–જો દરેક **ગામના સંઘના આગેવાનો** અલ્પ પણ **ધનનો મમત્વ ઉતારી,** જે–**સાધારણના ખરચ જેટલી આવક** ઉત્**પન્ન** કરે, તો દેવદ્રવ્યના દેવાથી બચી જરૂર ઉન્નતિના **પંથે ચઢે, અને દેવદ્રવ્યના દેવાથી બચે,** અને આ રીતે થાય તો **પૂર્વાપરથી દેવદ્રવ્યમાં જતી સ્વપ્નાદિકની ઉપજને સાધારણ ખાતામાં** લેઇ **જવાની પાપ પ્રવૃત્તિ** અને **પાપદાનતથી** બચી શકાય અને **દેવદ્રવ્યને** હાની પહોંચે નહિ.

મૂલ વાત એ છે કે– **તપોમૂર્તિ આ મહાત્માના** પધારવાથી અત્રેના શ્રી સંઘને સારો લાભ થયો. અનેકોને આ મહાત્માએ વ્રત પચ્ચક્ખાણમાં જોડયા અને આમ ચાતુર્માસ રંગેચંગે પસાર થયું અને **આ બાજુ ચરિત્ર**

**નાયક આ મહાત્માને અઠ્ઠાઇથી સિદ્ધપદની આરાધના સંપૂર્ણ થઇ એટલે સિદ્ધપદની આરાધના નિમિત્તે ધર્મપ્રેમી, શ્રેષ્ઠીવર્ય, શ્રી ચુનિલાલ કમળસીભાઇએ વીસસ્થાનક પૂજા અને સાધર્મી વાત્સલ્ય વિગેરે તપની ઉજવણી નિમિત્તે કર્યું.** આ પછી અત્રે **એક ભાઇની ધામધુમ પૂર્વક દીક્ષા થઇ** તેમાં શ્રી સંઘે સારો ભાગ લીધો.

ત્યારબાદ મહારાજશ્રી સહપરિવાર હલવદથી વિહાર કરી સાપકડા થઈ કોંઢ પધાર્યા. આ બન્ને સ્થળે **હલવદનો શ્રી સંઘ** ઉચિત ધર્મ પ્રભાવના કરવા ચૂક્યો નથી. અત્રે **કોંઢમાં** ( વિ. સં. ૧૯૯૩ ) માં ચાતુર્માસ રહેલા અને શાસ્ત્રાનુસારી સંવત્સરી પર્વારાધન કરનાર વયોવૃદ્ધ જ્ઞાન ધ્યાનાદિક ગુણસંપન્ન **મુનિ મહારાજશ્રી સુમતિવિજયજી મહારાજ** તથા ગુણાનુરાગી કવિરાજ **મુનિવર્યશ્રી ધનવિજયજી મહારાજ** તેમજ **શ્રી સંઘ** કેટલાય વખતથી **મહારાજશ્રીના દર્શન કરવાને** ઉત્સુક હતો. એ મહારાજશ્રીની આવવાની ખબર પડતાં ખુબ ખુબ આનંદમાં ગરકાવ બની ગયો, અને ઠાઠમાઠથી પ્રવેશ કરાવ્યો, અને મંગલાચરણ બાદ કવિરાજશ્રી ધનવિજયજી મહારાજે, ચરિત્ર નાયક મહાત્માના ગુણગર્ભિત ગહુંલી ગાઇ, સકલ શ્રી સંઘને આનંદિત કર્યા આ પછી **અહીં વધુ રહેવાની ઇચ્છા નહીં હોવા છતાં અને ખંભાતના**

સન્મુખ આવી, હર્ષ પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો અને **પ્રવેશના બીજા દિવસથીજ જાણે શાસન પ્રત્યે અવિહડ રાગ પ્રગટ કરતો ન હોય શું? તેમ શ્રી સંઘે એક માસ સુધી અખંડિત લાગુ ઓચ્છવ** કર્યો. અરે? આ ઓચ્છવને માટે તો ધ્રાંગધરાનો શ્રી સંઘ પણ એમ કહે છે કે—અમારી જીંદગીમાં આવી ભાવના, આવો મહોત્સવ તો આ **તપસ્વિજી મહારાજજીના પ્રતાપેજ આ વખતેજ ભાળ્યો છે.** હંમેશાં વ્યાખ્યાનમાં અને પૂજામાં માણસો માય નહિ. આ રીતે પૂજા પ્રભાવના સારી થઇ. **ધર્મચુસ્ત સુશ્રાવક ગાંધી કાંતિલાલ સોમચંદભાઇ** અને તેમની શાસન પ્રેમી ટોળીએ પ્રભુ ભક્તિમાં, સંગીત, રાસલીલા આદિથી ભક્તિરસને ખુબજ વધારી દીધો. કે જેથી પ્રભુ પૂજામાં ઘણાંજ ભાઇ બ્હેનો લાભ લેવા લાગ્યાં. ધ્રાંગધરાની **પ્રજા તો મહારાજ શ્રીનો તપ પ્રભાવ અને અભૂત પૂર્વ એક માસ સુધીનો મહોત્સવ જોઇ ખુબ જ અનુમોદવા લાગી?** અને બોલવા લાગી કે **આવો મહોત્સવ** આ મારી જીંદગીમાં પહેલ વહેલો જ અનુભવિએ છીએ. અત્રે **પ્રવચન પદનો મહારાજશ્રીએ ચાર અઠ્ઠાઇઓ કરી,** અઠ્ઠાઇઓ ચાલુ હોવા છતાં વચમાં વર્ધમાન તપની બાવીસમી ઓળી શરૂ કરી અને પૂર્ણ થઈ, ફરી પણ **અઠ્ઠાઈ મહોત્સવ થયો. અને એવામાં મુનિશ્રી મોહનવિજયજી થોડા દિવસની માંદગી ભોગવી** વિ. સં. ૧૯૯૪ ના ફાગણ વદિ ૦)) ના

રોજ કાળધર્મ પામતાં, અને ચૈત્ર માસની ઓળી નજીક આવતાં, **ફરી બે અઠ્ઠાઇ મહોત્સવ ભેળા થયા.** એટલે કે **ચૈત્ર શુદનું આખું પખવાડીયું ઓચ્છવથી આ મહાત્માના હસ્તકથી પસાર થયું. મુનિશ્રી મોહનવિજયજી કાળધર્મ પામ્યા,** તે **નિમિત્તે શ્રી સંઘે શાસન પ્રભાવના માટે** તેમની **શ્મશાન યાત્રા ઘણાજ ઠાઠમાઠથી ઉજવી.** કે જે યાત્રામાં લગભગ ભાઇઓ બ્હેનો થઈ એક હજાર માણસ હતું જેમાં સ્થાનકવાસી ગૃહસ્થો પણ હતા.

આ પછી પાછા **હલવદવાસી શેઠ વખતચંદ માણેકચંદ મ્હેતાના સુપુત્ર** ધર્મપ્રેમી **દીપચંદભાઇની** આગ્રહભરી વિનંતીથી તેમનાં પૂજ્ય **માતુશ્રીના** વરસીતપના પારણા નિમિત્તે અખાત્રીજ ઉપર આ આપણા ચરિત્ર નાયક **તપસ્વિજી મહાત્માને હલવદ** જવાનું થયું. સખત ગરમીના દિવસ હતા, છતાં **શ્રી પ્રવચન પદની,** ચૈત્ર વદિ ૫) થી **સાતમી અઠ્ઠાઇનાં** પચ્ચકખાણ **કરી, શરીરે અશક્તિ હોવા છતાં, હલવદ તરફ વિહાર કર્યો હલવદમાં પણ શેઠ વખતચંદ માણેકચંદભાઇ તરફથી** પૂજાઓ, પ્રભાવના, સાધર્મીક વાત્સલ્ય વિગેરે શાસન પ્રભાવના સારી થઇ. **હલવદથી અખાત્રીજનું પારણું તથા મહોત્સવ પૂર્ણ થયા** બાદ તુરતજ ધ્રાંગધરે આવવાનું હતું: કારણકે-**ધ્રાંગધ્રાના ધર્માનુરાગી**

**ગાંધી સોમચંદભાઇ રાજપાળના સુપુત્ર ગાંધી વ્રજલાલ સોમચંદભાઇને** પોતાના નવીન મકાનના ઉદ્ઘાટન નિમિત્તે, અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવરાવવા ભાવના હતી. પરંતુ વ્રજલાલભાઇ; **ખંભાત, સુરત, અમદાવાદ** વિગેરે સ્થળે ક્રિયાકારકની તપાસ જાતે કરી આવ્યા. પણ કોઇ આવી શકે તેમ ન હતું. જેથી શાંતિસ્નાત્ર મુલતવી રાખી, તેને બદલે સમવસરણની રચના કરવાનું નક્કી કર્યું; અને તે **અઠ્ઠાઇ મહોત્સવ** વિગેરે **પૂજ્ય તપસ્વિજી મહારાજ** હસ્તકજ કરવા તેમની પૂર્ણ **ભાવના હતી** અને એથીજ તેમની સાગ્રહ વિનંતી હતી. જેથી હલવદથી વૈશાખ સુદિ ૪ ના નીકળી, અઠ્ઠાઇ કરીને ધ્રાંગધ્રા વૈશાખ સુદિ ૬ ના રોજ પ્રવેશ કર્યો. અને **ગાંધી વ્રજલાલભાઇના** અતિ આગ્રહથી આપણા પૂજ્ય ચરિત્ર-નાયક **તપસ્વીજી મહાત્માશ્રી** વૈશાખ સુદિ સાતમની સવારે સમવસરણમાં બીરાજમાન કરવાના, પ્રભુજી સાથે આડંબર પૂર્વક **વ્રજલાલભાઇને** બંગલે સ્વપરિવાર સહિત પધાર્યા. તે દિવસે **ગાંધી વ્રજલાલભાઇ** તરફથી સાધર્મીક વાત્સલ્ય થયું. તેમજ રોજ પૂજા પ્રભાવના વિગેરે ચાલુજ હતું, આ રીતે ગાંધી વ્રજલાલભાઈએ પણ શાસન પ્રભાવનાનો અપૂર્વ લાભ લીધો ? આ પ્રસંગે પણ શાસન-પ્રેમી, ધર્માનુરાગી **ગાંધી કાન્તિલાલે** તથા તેમની ટાળીએ પોતાના અમૂલ્ય ટાઇમનો ભોગ આપી સારી સેવા બજાવી.

અત્રે વઢવાણ કેમ્પના શ્રી સંઘની ચાતુર્માસ માટેની અતિ વિનંતી હોઇ મહારાજશ્રીએ ગાંધી વૃજલાલભાઇના બંગલેથીજ વૈશાખ વદિ ૬ના રોજ વિહાર કરી, જોગડવા પધાર્યા: **ધ્રાંગધ્રાના ભાવિક શ્રાવક શ્રાવિકાઓ પણ જોગડવા સુધી સાથે આવ્યાં.** તે દિવસે જોગડવાના શ્રાવકો તરફથી જમણવાર થયું, તેમજ ધ્રાંગધ્રેથી પ્રભુજીને લાવી, તે દિવસે પૂજા પણ ભણાવી બીજે દિવસે ધ્રાંગધ્રાના શ્રી સંઘ તરફથી પૂજા તથા જમણવાર થયું, પૂજા ભણાવવા વિગેરેમાં ધર્માનુરાગી શાસનપ્રેમી ગાંધી કાંતિલાલભાઇ અને તેમની ટોળીએ ઘણોજ સારો લાભ લીધો હતો; અને **આ બધો પ્રયત્ન કરનાર તો ધ્રાંગધ્રાના ધર્માનુરાગી, ગુણાનુરાગી, શાંતગુણી, પ્રજ્ઞાવંત, શ્રાદ્ધરત્ન મણીલાલભાઇ લાડકચંદ** તથા **ડુંગરસીભાઇ હરીભાઇ** તથા **લાલચંદભાઇજ હતા.** ખરેખર ! તેમની ધર્મભાવના પણ ઘણીજ અનુમોદનીય છે. **પૂજ્ય તપસ્વિજી મહારાજશ્રી પ્રત્યે તેઓશ્રીને અનન્ય ભક્તિ, પ્રેમ છે.** ત્યાંથી વિહાર કરી **પૂજ્ય તપસ્વિજી મહારાજશ્રી** વૈશાખ વદિ ૧૧ના રોજ વઢવાણ કેમ્પ પધાર્યા છે. કેમ્પના ભાવિક શ્રાવકો પણ ત્રણ ત્રણ ગાઉ સુધી દૂર મોટરો લઇને **પૂજ્ય તપસ્વિજી મહારાજશ્રીના દર્શન નિમિત્તે આવેલા હતા.** આ બધો તેઓશ્રીનો **મહાન તપનોજ પ્રભાવ છે.** વઢવાણ કેમ્પના ભાવિક શ્રાવકોએ પૂજ્ય તપોમૂર્તિ ચારિત્ર નાયકશ્રીને સપરિવાર કોઇપણ હિસાબે ચાતુર્માસ

રાખવા દૃઢ નિશ્ચય કરેલ હોઇ જેઠ સુદિ ૧ ના રોજ ચાતુર્માસ માટેની જય બોલાવી. જેથી વિ. સં. ૧૯૯૪નું ચાતુર્માસ વઢવાણ કેમ્પમાં નક્કી થયું અને જેઠ સુદિ ચતુર્દશીએ ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો.

ખરેખર ! આ આત્મબળે જીવનારા, શરીરની પણ દરકાર નહી રાખી સત્ય, પરોપકાર, અને શાસનહિતના કાર્યો કરવામાં જેઓનું દિલ રક્ત છે. આવા **સાચા મહાત્માઓને** કોટીશઃ વંદના કરીએ તોયે ઓછી છે.

**આ તપોમૂર્તિ અનુયોગાચાર્ય પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી કર્પૂરવિજયજી ગણિવર્યના એક શિષ્ય, પ્રખરવક્તા, પંન્યાસ પ્રવર શ્રી અમૃતવિજયજી ગણિવર્ય છે. વિ. સં. ૧૯૮૦ ના કાર્તિક માસની પૂર્ણિમાના પુણ્ય દિવસે તેઓશ્રીને ભાગવતી દીક્ષા આપવામાં આવી હતી. તપોમૂર્ત્તિ પં. શ્રી કર્પૂરવિજયજી ગણિવરની માફક તેઓને પણ પરમ પૂનિત ત્યાગપંથે આવતાં, અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. પરંતુ સત્ત્વશીલ આત્માઓ મુશ્કેલીઓ વચ્ચે પણ પોતાનો માર્ગ શોધીજ લે છે.**

**પં. મહારાજ શ્રી અમૃતવિજયજી ગણિર્યશ્રીનો જન્મ;** અનેક જીન મંદીરોથી સુશોભિત, ગુજરાતમાં

બાલ બ્રહ્મચારી સદ્ધર્મોપદેશક પ્રખરવક્તા અનુયોગાચાર્ય

પંન્યાસ પ્રવર શ્રી

# અમૃતવિજયજી ગણિવર્ય.



શ્રી લક્ષ્મી પ્રીન્ટીંગ પ્રેસ-વઢવાણ કેમ્પ.

આવેલા, સુપ્રસિદ્ધ, **ખંભાત બંદરમાં** વિ. સં. ૧૯૫૫ ના **આસો સુદિ બીજના રોજ, પરસનબાઇની કુક્ષિથી થયો હતો. તેઓશ્રીના પિતાનું નામ માણેકચંદભાઇ** હતું, અને તેમનું નામ **અંબાલાલ** રાખવામાં આવ્યું હતું.

**ભાઇશ્રી અંબાલાલ બાલપણથીજ ધર્મ કર-ણીના રસીક હતા.** પૂર્વભવના સંસ્કારોથીજ પ્રેરાતા હોય તેમ, તેઓના અંતરમાં ધર્મભાવના જાગૃત રહેતી, અને ધર્મક્રિયા કરવાની અભિરૂચી થયા કરતી, ખરેખર ? **જૈનકુળનો પ્રભાવજ અજબ છે.**

અનુક્રમે **ખંભાત તપગચ્છ અમર જૈનશાળામાં** પૂજ્યપાદ **મુનિવર્ય શ્રીમદ્ અમીવિજયજી મહારાજનું ચાતુર્માસ થતાં, ભાઇશ્રી અંબાલાલ તેઓશ્રીના પરિચયમાં આવ્યા. તેઓશ્રીની** ત્યાગ **માર્ગને દેખાડનારી સંસાર પારને કરનારી, મનોહર દેશના શ્રવણ કરી,** પૂજ્યપાદ **મુનિવર્ય્ય શ્રીમદ્ અમીવિજયજી મહારાજશ્રી પાસે તેઓએ દીક્ષા ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો.** પરંતુ કુટુંબમાંથી દીક્ષા લેવાની રજા મળે તેમ નહિ હતું. **બે ત્રણ વખત** આજ કારણે **તેઓને ઘેરથી નાસી છુટવું પડયું હતું.** એકવાર **ભરૂચ** અને બીજીવાર **મહારાજશ્રી અમીવિજયજીની સાથે વેરા-**વળ ગયા હતા. **ભાઇશ્રી અંબાલાલનાં સગાં સંબંધી**

ત્યાં પહોંચ્યાં. અંબાલાલે ઘેર પાછા ફરવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. આથી સગાઓએ કહ્યું કે-અમારે જુનાગઢની યાત્રા કરવી છે, માટે સાથે ચાલો; પછી પાછા આવજો અંબાલાલ જુનાગઢ આવ્યા, અને તે પછી સગાઓએ તેમને તેમની ઇચ્છા વિરૂધ્ધ ખંભાત તરફ લઇ જવા પ્રયત્નો કર્યા. પરંતુ ભાઇશ્રી અંબાલાલનું હૃદય સંસારથી વિરકત બન્યું હતું, એટલે તેઓ ખંભાત નહિ જતાં, મેસાણા શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં, અભ્યાસ કરવાને માટે ચાલ્યા ગયા. તે દરમ્યાન ખંભાતમાં તેમના પિતાશ્રીનું દેહાવસાન થવાથી, કારજ આદિ ક્રિયાઓના નિમિત્તે ભાઇશ્રી અંબાલાલને ખંભાત બોલાવાયા, અને રોકી રખાયા. આવી રીતિએ થોડો વખત પસાર કરીને તેઓ પાછા મેસાણા શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં ચાલ્યા આવ્યા. વિ. સં. ૧૯૭૯ નું અનુ. યોગાચાર્ય પં. પ્રવર તપોમૂર્ત્તિ શ્રી કર્પૂરવિજયજી ગણિવર્યનું ચાતુર્માસ પોતાના ગુરૂવર્ય આદિની સાથે મેસાણામાં થતાં, અંબાલાલે હંમેશાં એકાસણા, અને ચોમાસામાં પૌષધ કર્યા. પૌષધ એટલે ધર્મની પુષ્ટિ ધારણ કરે તે. પૌષધે અંબાલાલની ભાવનાને પુષ્ટિ આપી. અને તપોમૂર્ત્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજના ત્યાગી, તપસ્વી અને શાંત, ક્રિયાશીલ જીવને તેમાં પૂર્ત્તિ કરી. તપોમૂર્ત્તિ ગુરૂદેવની પ્રેરણાએ

મેળવશે. તો તેઓશ્રીનું જીવન જાહેરમાં મૂકનારનો પરિશ્રમ વિશેષ સાર્થક થશે.

માનવ જીવનમાં વધુમાં વધુ કષ્ટસાધ્ય વસ્તુઓ બે છે. રસના અને વિષયવૃત્તિ ઉપર કાબુ પ્રાપ્ત કરવો. એ અત્યંત મુશ્કેલ છે. રસના અને વિષયવૃત્તિ માનવ જાતને અનેક પાપકર્મો આચરવાને પ્રેરે છે. રસનાના લોલુપ અને વિષયવૃત્તિને આધીન બનેલા, આત્માઓ માનવતાને વેગળી મૂકી, પાપમય જીવન વીતાવે છે. અને વિવેક ભુલીને બીજા જીવોને માટે શ્રાપરૂપ નીવડે છે. માનવજીવનની મહત્તા, સિદ્ધ કરવામાં વિષય-કષાય બે દુર્ગુણો આડે આવે છે. જે આત્માઓ આ બે દુર્ગુણોથી પર બને છે. એના ઉપર વિજય મેળવે છે, તેઓનું જીવન ધન્ય છે.

આવું ધન્ય જીવન જીવી સ્વપર શ્રેય સાધનારા આત્માઓ, વિશ્વરૂપ બગીચાના માનવ જાત રૂપ છોડવા ઉપર થયેલા સુવર્ણવર્ણી નેત્રાભિરામ સુગંધમય પુષ્પો સમાન છે. મહાન શાંત વયોવૃદ્ધ તપોમૂર્તિ અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવરશ્રી કર્પૂરવિજયજી ગણિવર્ય એવું ધન્ય જીવન જીવનારાઓમાંના એક હોઇ, કલ્યાણાર્થી વિશ્વને માટે પૂજ્ય અને સેવ્ય છે. તેઓશ્રી પોતાનું આવું સુચારૂ જીવન દીર્ઘકાળ જીવીને સ્વપર શ્રેય સાધે, એજ અંતિમ પુણ્યાભિલાષા.

ૐ શાંતિ

# મુનિ-ગુણ-અષ્ટક-હરિગીત.

પૂનિત, પગલાં, પવિત્ર મુનિનાં થાય તે ધન્ય!
ધન્ય! ઘડી,
જ્યમ મોર નાચે મેઘ જોઇ ત્યમ તક ભલી
ગણો સાંપડી,
પાવન થવા નિગ્રંથ જેવી વસ્તુ અમૂલી કર ચડી,
દર્શન કરી વાણી વરી લ્યો લાભ ભવીયા
હર ઘડી...૧...
તરવા અહો! ભવ સાગરે મુનિરાજ ઝાઝ
સમાન છે,
પોંચાડવા પ્રેમે કિનારે નિડર એ કપ્તાન છે,
મુશ્કેલીયો મોટી હઠાવા સરસ જેનું જ્ઞાન છે,
રતિ ભાર રોગ રહે નહિ એ ખાસ જેનું
ધ્યાન છે...૨...
તિલ માત્ર પણ ભય છે નહિ જ્યાં જતાં
શાતા ઊપજે,

પું કાય પ્હેલે નંબરે ! જોટા જગે ના સંપજે,

ન્યારા જગત જંજાળથી જે કનક-કામિની-તજે,

સવિ જીવને સુખ અર્પવા ફરતા ફરે ધર્મ
ધ્વજે ...૩...

જીત મોહ સહ પ્હેલી કરીને કુટુમ્બ-કબીલો
-ટાળતાં,

શ્રીકાર મુનિના મહાવૃતો પાંચે કડક જે પાળતાં,

કદિ, પ્રાણ જાયે એ પ્રસંગે વિરૂધ્ધ જરી ના ચાલતાં,

પુતિ ધરી વ્રત કાળજી ચારિત્ર ગુણમાં મ્હાલતાં...૪...

રજ માત્ર પરવા દેહની કરે ના, પ્રમાદ ન આચરે,

વિચરે જગતમાં સર્વદા પ્રતિબોધવા સૌને ખરે,

જરીયે ન થાકે જીગરથી શુભ-વિજય શાશનનો કરે,

યદિ આફતો આવી પડે પણ સત્યમાં એ ના ડરે..૫...

જીવો! ઘણું! એ મુનિવરો વીરશાસને! આ કાળમાં,

મથજો, બચવા જીવને જે પડયા માયા જાળમાં,

હારે, ઘણા નર ભવ અરે! પડી પ્રેમે આળ પંપાળમાં,

રાખી ચીવટ ઊગારજો એ સૌને ફસતા ફાળમાં..૬..

જગમાં જીવોને મુનિ વિના કહો કોણ? જલ્દી જગાડશે.
જીન વાણીનો પ્યાલો મજાનો પ્રેમે કોણ ? પીવાડશે,
ને ચૌગતિના દુઃખથી કહો કોણ ? આજ બચાવશે,

વંછિત સઘળા સંપજે! મુનિ શરણમાં જે આવશે ૭...

દર્શન કરો, વંદન કરો, જંગમ તીરથ પુન્યે લહી,
ના આવશે નરભવ ફરી દ્રષ્ટાંત દશે દુર્લભ સહી,
હોશે સદા કલ્યાણ જો ગુરૂ ભક્તિ કીજે ગહગહી,

જો હોય મન-સુખ-સાધવું! તો મુનિ-શરણ વિસરો
નહિ...૮...

---

## ગુરૂ—ગુણ ગાન.

દેશી-(સાંભળજો મુનિ સંયમ રાગે....)

જીનવર વચન સુધા સમ મીઠાં,
ગુરૂ વિના! કોણ સુણાવેરે,
ગુરૂ દીવો! ઘણું જીવો! જગમાં,
નમીએ ગુરૂને ભાવેરે . જીનવર.

વીર પ્રભુની આજ્ઞા પાળી, શાશનને શોભાવેરે,
ભવ જંગલમાં ભૂલેલાને,
ધર્મના માર્ગ બતાવેરે...જીનવર.

મોહની નિંદમાં સુતેલાને, સદ્ગુરૂ સ્નેહે જગાવેરે,
"ચેતવું હોય તો ચેત" મુસાફર,
કહીને ચોંપે ચેતાવેરે...જીનવર.

કર્મરોગથી રીબાતાને, દવા મફત ખવરાવેરે,
વૈદ્ય બની દઇ ધર્મની બુટ્ટી,
ભવના રોગ હઠાવેરે...જીનવર.

જગની જુઠી ખટપટમાં જે, મનડું જરી ન લોભાવેરે,
જ્ઞાન-ધ્યાનમાં રહીને નિરંતર,
સમય સકળ ગુમાવેરે...જીનવર.

પર ઉપગારી થઈ જે જગમાં, ધર્મ-ધ્વજા ફરકાવેરે,
તપસ્વી-દાદા-શ્રી કર્પૂરવિજયનાં,
મનસુખ! ગુણગાન ગાવેરે...જીનવર વચન...

---

# વાંચક વૃંદને!

## દોહરો.

સુણતાં સુખ શાન્તિ દીયે, વાંચે વધે ગુણ સાર;
જીવન ચરિત્ર આ ભલું, આનંદ મંગલ કાર...૧

ઢાળ—

રાગ-(તુમે તો ભલે બીરાજોજી....)

તુમે સહુ હર્ષથી વાંચોજી,
પદ્યાત્મક આ જીવન ચરિત્ર;
હર્ષથી વાંચોજી..... એ ટેક.

પંડિત શ્રી કર્પૂર વિજયજી, ઉગ્ર તપસ્વી ગણાય;
કલિ કાલે શ્રી જિનશાસનમાં, પ્રભાવક મહા
જણાય. તુમે૦ ૧

ભૂત કાલના તપસ્વિઓનાં, શાસ્ત્રે દ્રષ્ટાંત ઘણાય;
નિર્મળ નમુનો આ અવસરમાં, નજરો નજર
દેખાય...તુમે૦ ૨

શાસન રાગી ત્યાગી ગુરૂજી, જીન આણા ધરનાર;
તેહ તણા ગુણ વર્ણન કરતાં, હૈડે હર્ષ અપાર ..
તુમે૦ ૩

ગુરૂ ભક્તિનો રાગ ધરીને, ગુરૂ ગુણ ગાયા સાર;
કવિ શ્રી મનસુખલાલની કલમે, ચરિત્ર બન્યું
શ્રીકાર...તુમે૦ ૪

ભાવ ધરીને ગુરૂ ગુણ ગાતાં, થાયે મંગળ માળ;
ઉત્તમના ગુણ ગાતાં પ્રગટે, ગુણ ઉત્તમ રસાળ ..
તુમે૦ ૫

તેહ પદ્યાત્મક જીવન ચરિત્રને, વાંચો સહુ નરનાર;
પ્રેમ ધરીને પાર્શ્વ કહે છે, કરો આતમ ઉદ્ધાર. તુમે૦ ૬

ૐ

# પૂજ્યપાદ, શાંત-તપોમૂર્તિ ! પંન્યાસજી મહારાજજી શ્રી કપૂરવિજયજી મહારાજશ્રીનું

# પદ્યાત્મક-જીવન-ચરિત્ર.

રચનાર:-

( મનસુખલાલ ડાયાભાઇ શાહ, વઢવાણ કાંપ )

(૧)

દેશી-(વિમળાચળવાસી,

મ્હારા વ્હાલા સેવકને)

ગુણવંતા, ગુરૂના ગુણ ગાશું,
ચોમાસુ ભલે આવ્યા અહિં,
..... ...ભલે આવ્યા અહિં.

પુન્યવંતા, પેખીને પાવન થાશું,
સુપુન્યે યોગ સારો લહિં,
...........યોગ સારો લહિં.

શાંત-દાંત, સમતા રસ સાગર; કર્પૂરવિજય અણગાર,
તપો મૂર્તિને વંદના કરતાં,
થાય સફળ અવતાર...ચોમાસુ.
સંયમરાગી, ત્યાગી, વૈરાગી, વડભાગી, સુખકાર,
વૃદ્ધવયે તપ તીવ્ર આરાધક,
વિરલ ! જડે સંસાર..ચોમાસુ.
આઠ પ્રભાવક શાશનના જે, ભાંખ્યા શાસ્ત્ર મોઝાર,
તેમાં તપસ્વી પણ છે પ્રભાવક,
જીન શાશન શણગાર.ચોમાસુ.
પંચમ કાળે એવા પ્રભાવક, ઘોર તપસ્યા કરનાર,
કર્પૂરવિજય ગુરૂવરના તપની,
જગમાં છે બલીહાર.ચોમાસુ.
ક્રિયા-કાંડમાં શુરા; પુરા, પ્રમાદ ન સેવે લગાર,
જીન આણા પાળક મુનિરાજા,
વંદો વારંવાર......ચોમાસુ.
એવા ઉત્તમ, ને વળી નિર્મમ, શમ રસમાં રહેનાર,
પવિત્ર ગુરૂના જીવન ચરિત્રનો, સુણજો સહુ અધિકાર,
ચોમાસુ ભલે આવ્યા અહિં. ભલે..

(૨)

રાગ-(શું કહું કથની મ્હારી....રાજ)

એ ગુરૂની બલીહારી! રાજ, એ ગુરૂની બલીહારી,
વારી જાઊં વાર હજારી, રાજ, એ ગુરૂની બલીહારી.
કાઠિયાવાડની ભૂમિ ભલેરી, પવિત્ર તીર્થો ધરનારી,
એનાં મંડન શ્રી શેત્રુંજોને,
દુજો છે ગઢ ગીરનારી...રાજ...

એ પ્રદેશના ઝાલાવાડમાં, સાયલા ગામે તેવારી,
વસે પુંજાભાઇ હેમચંદ નામે,
શ્રાવક કુળ અવતારી...રાજ..

તસ ઘર ગૃહિણી ઊજમબાઇએ, જન્મ આપ્યો
સુખકારી,
સંવત ઓગણીસો અઠ્ઠાવીશ,
માગસર મંગળકારી...રાજ...

એ આ મોહનલાલ પ્રમાણો, ચરિત્ર-નાયક નિરધારી,
માત, પીતા, સહ આવીને વસીયા,
ખેડા ગામ મોઝારી..રાજ...

વ્યવહારિક કેળવણી લીધી, થયાં વળી ધર્મ-
સંસ્કારી,

પ્રતિક્રમણ-પૂજા-ને પૌષધ,

તપ-જપ-કરે દિલધારી.. રાજ...

ઓગણીસો પંચાવન વર્ષે, શ્રી વીરવિજયે જયકારી,
રહી ચોમાસુ ખેડા માંહિ,

બુઝવ્યા બહુ નરનારી...રાજ...

એ છત્ર છાયામાં ઉપધાન ચાલ્યા, જેનો છે મહિમા અપારી,
ચરિત્રના-નાયક મોહનલાલે.

ઉપધાન કીધા આવારી...રાજ ...

નત્ય એકાસણ કરી આ યુવકે! ચોદ નિયમ વળી ધારી,
સાર્થક કીધી ખાસ યુવાની,

જીવન લીધું સુધારી...રાજ...

એ રીતે ધર્મ-કરણી કરતાં, પ્રસંગ બન્યો એકવારી,
ચાર મિત્રો મળી ચિંતે ચિત્તમાં,

એ કહું વાત વિચારી...રાજ...

...એ ગુરૂની બલીહારી.

(૩)

દેશી–( માતા મોરૂદેવીના નંદ.... )

મળીને મિત્રો ચારેજી, સંયમ સુખકર લેવા રૂડી
વાત વિચારેજી,
રૂડી વાત વિચારેજી, સંયમ સુખકર લેવા જીવનનું
ધ્યેય સુધારેજી.

ચારે ચિંતે, વાત ખચિત્તે, મટાડવા ભવ થાક,
દીક્ષા ન લહીયે ત્યાં સુધીમાં, ખાવો નહિ
" દુધપાક "...મળીને...

ત્યાગ વિના આરો નહિ આવે, ભાવના ભાવે ચાર,
સ્વાર્થના સૌ કોઇ સગા છે, છે સંસાર અસાર
...મળીને...

ચાર કોણ? એની જીજ્ઞાસા, જરૂર સૌને થાય,
પુન્યશાળી! એ ચારના નામો, સાંભળજો સુખદાય
...મળીને...

એકતો આપણા ચરિત્ર–નાયક, નામે મોહનલાલ,
ગફુરભાઇ ગુણીયલ બીજાએ, છોડી જગજંજાળ
...મળીને...

ત્રીજા દુર્લભદાસે દીક્ષા, લીધી શિવ દેનાર,
ચોથા વાડીલાલ વખાણું, પ્રભુ પંથે જાનાર
...મળીને...

જ્ઞાનવિજય, દુર્લભવિજય, વળી, ઉત્તમ વિજય
મહારાજ,
અનુક્રમે એ ત્રણ મિત્રોના, સિધ્યા એ રીતે કાજ
...મળીને...

મિત્રો મળો તો આવા મળજો, એ પણ છે શુભ સાર,
દોસ્તી કરો તો આવી કરજો, આતમ હિત કરનાર
...મળીને...

ચરિત્ર-નાયક મોહનલાલને, દીક્ષા લેવામાં ખાસ,
પડી મુશ્કેલી દીધી હડસેલી, એ સાંભળો ધરી
ઉલ્લાસ ...મળીને મિત્રો ચારેજી...

---

(૪)

રાગ-(કાલી કમલી વાલે) અથવા
(સિદ્ધાચળના વાસી)

સંયમના અભિલાષી, જીવને ચેન પડે ના લગાર (૨)
બની સદા ઉદાસી, ચિંતે ક્યારે ? બનું અણગાર.(૨)
કામ કઠીનછે કસોટીકારી, પત્નિ પણ પરહરવી પ્યારી,
શાણા સમકિતવાસી, સમજે આ સંસાર અસાર...
...જીવને ચેન પડે ના લગાર ..

કુટુમ્બ-કબીલો કેમ જાવાદે, મોહ ઘેલા ! એ કેમ
થાવાદે,
ત્યાગ તણાં અભ્યાસી, ઝંખે છુટું હું કેઇવાર...
...જીવને ચેન પડે ના લગાર...
સગાં મલ્યા બહુવાર અનંતા, ભવોભવ મુકયા સર્વ
રડંતા,
યોની લાખ ચોરાશી, ફેરા ફરતાં નાવ્યો પાર...
...જીવને ચેન પડે ના લગાર...
એ માટે ભાઇ મોહનલાલે, પાળી પ્રતિજ્ઞા કેવી
આકાળે,
મુકવા માયા દાસી, જોજો ! થયા શી રીતે તૈયાર...
...જીવને ચેન પડે ના લગાર...
...સંયમના અભિલાષી...

---

(૫)

## દેશી-(તીરથની આશાતના નવી કરીયે,)

અથવા

## (વીર કુંવરની વાતડી કેને કહીએ.)

મોહનલાલે, મોહ, સહ મારામારી,
હાંરે, મારામારી, કીધી બહુ ભારી,

હાંરે, વળી કીધી સુરીતે તૈયારી,
હાંરે, લેવા સંજમ ભાળ........મોહનલાલે...

ગૃહસ્થપણે પણ તપસ્યાઓ આદરતાં,
હાંરે, સોળભથ્થુ સુભાવે કરતાં,
હાંરે, વળી વૈરાગ્ય ભાવને ધરતાં,
હાંરે, જાણી જુઠી જંજાળ........મોહનલાલે ..

પીસ્તાલીશ આગમનો તપ પણ કીધો,
હાંરે, ચૌદ પૂર્વનો લ્હાવો લીધો,
હાંરે, તપ પદનો પ્યાલો પીધો,
હાંરે, મુકી આળ પંપાળ........મોહનલાલે...

ચત્તારી-અટ્ઠ-દશ-દોય જીન જાણો,
હાંરે, ગીરી અષ્ટાપદ એ પ્રમાણો,
હાંરે, એને નમવા ઉલટ અતિ આણો,
હાંરે, જે છે દીનદયાળ..........મોહનલાલે...

એની પણ આરાધના પૂર્ણ પ્રીતે,
હાંરે, કરી મોહનલાલે ખચિત્તે,
હાંરે, ઉપવાસો ચોવીસે સુરીતે,
હાંરે, કીધાં થઇ ઉજમાળ...... ..મોહનલાલે...

વીશ સ્થાનકનો તપ પણ પૂરણ કરીયો,
હાંરે, તરવા ભારે ભવ દરીયો,
હાંરે, ધન્ય! મોહન! ધર્મનો ભરીયો,
હાંરે, ચરિત્ર રસાળ.............મોહનલાલે...

---

(૬)

રાગ–વાઘેસરી....( લાગી લગન મુનેતારી )

દીક્ષાની લગની લાગી,
મોહનને, દીક્ષાની લગની લાગી,
ક્યારે બનું ઝટ ત્યાગી,
મોહનને, દીક્ષાની લગની લાગી...
મોહન મનમાં એમ વિચારે,
સમજે શું સ્વાર્થીને રાગી,
સંયમનું સુખ એજ પીછાને,
જે હોય એના અનુરાગી...મોહનને......
ઊંઝા જઇ લખી પત્ર ખેડાએ,
દીક્ષાની અનુમતિ માગી,
ભાઇ, ભોજાઇ, સ્રી, સૌને એ વાતની,
જાણી લ્યો વિજળી વાગી...મોહનને......

ઊંઝા જઈ ઘર તેડીને લાવ્યા,
આવ્યા એ રીતે સુભાગી,
સૌએ મળી બે વર્ષની મુદત,
મોહનભાઈ પાસે માગી...મોહનને......
મોહનભાઈ તો ઘર રહ્યા ભોગવે,
દશા જ્યું હોયે ત્યાગી,
રાગી કરે યત્નો રાગી બનાવા,
પણ ના ડરે વૈરાગી......મોહનને......
અંતે એમાં કાંઈ સાર ના ભાળ્યો,
તેથી તુરતમાં જાગી,
ખેડાથી ખાંતે સંયમ લેવા,
ધોળ ગયા ઝટ ભાગી...
...મોહનને, દીક્ષાની લગની લાગી...

---

(૯)

દેશી-(સુણો ચંદાજી, સીમંધર
પરમાતમ પાસે જાજો)

ભલે ભાગી ગયા, પણ એમાં ના ફાવ્યા, પાછા લાવ્યા,
ઘરે આવી રહ્યા, તલસે ઝટપટ જાવા...સાધુ થાવા...

હવે મોહનલાલ વિચાર કરે, ગતિ! મોહની કેવી
અજબ અરે,
મોહે મુંઝયા ખત્તા ખાય ખરે...ભલે ભાગી ગયા...
મોહ રખડાવે, મોહ ભૂલાવે, મોહ ભરમાવે, મોહ
રઝલાવે,
ધન્ય! તે, જે મોહ જીતી જાવે...ભલે ભાગી ગયા...
ભાઇ મોહન! મોહથી કેમ ડરે, ઘરે આવ્યા પણ દ્રઢ
ભાવ ધરે,
પ્રતિજ્ઞાઓ રૂડી પાંચ કરે.....ભલે ભાગી ગયા...
જીન મંદીરે નિત્ય પાવલી ધરવી, વ્યાપારની ચિંતા
પરહરવી,
તપ-જપ-ધર્મ ક્રિયા ખુબ કરવી...ભલે ભાગી ગયા.
ઘર જઇને ભોજન ના લેવું, વ્રત એકાસણામાં
રોજ રહેવું,
બ્રહ્મવ્રત ધારી થઇ સૌ સહેવું. ભલે ભાગી ગયા.
એરીતે અલિપ્ત પણે રહેતાં, માતર જઇ મુની-વેશ
પ્હેરી લેતાં,
તો પણ નથી શાંતિ લેવા દેતાં...ભલે ભાગી ગયા.
સૌ સગાને એની ખબર પડી, સાધુના વેશે લાવ્યા
ઘસડી,
મોહનનું હૃદય રહ્યું છે રડી...ભલે ભાગી ગયા...

સોએ શું કીધું તે સાંભળજો, મોહન મારૂક વચને
પળજો,
દીક્ષા ભંજનમાં ના ભળજો ..ભલે ભાગી ગયા...

---

(૮)

## રાગ-(મેરે મૌલા બુલાલે....) અથવાઃ-
## (મેરી અરજી

સાધુ વેશે, ખેડામાં આવ્યા ભલે, (૨)
લવ લેશે, શાંતિ હજુ ક્યાંથી મળે...સાધુ વેશે...
આવી ઉતારો એમણે ઉપાશ્રયે કીધો ખરો,
પણ મોહનો ઉછાળો મોટો આવી ઉભો આકરો,
ઇચ્છે, આ અંતરાયો જલ્દી ટળે.....સાધુ વેશે...
વાંધલ-ધમાલો, સૌ સગા ત્યાં પણ કરે લેવા ઘરે,
મક્કમ મોહનલાલનું મનડું જરીયે ના ફરે.
કરે હેરાન સૌ ખુબ ઝાઝા બળે......સાધુ વેશે...
પત્નિ કહે કુવે પડું! જો ઘર તને આવો નહિ
કહી પુત્રી ફેંકી સાધુ ખોળે સંઘટ્ટો કીધો સહી,
એવું કાર્ય કરી રડ ખુબ કકળે.... ..સાધુ વેશે...
તોફાનો આવા બહુ થતાં ના છુટકે ઢીલા થયા,
મુનિવેશ મુકી મનવિના મોહન ઘરે પાછા ગયા,
ઝંખે ચારિત્ર એતો પળે પળે ......સાધુ વેશે...

ઘ્રોળનો પ્હેલો ત્રડાકો, આ કડાકો અહિં નડયો,
પણ પુન્યશાળી જીવ! આ સદ્દભાવનાથીના પડયો,
ભલી ભાવનાથી ભવ રાશી ટળે......સાધુ વેશે...
એ નજર કેદી જેમ જીવડા! ઘર પડયો ચિંતે સદા,
આ કેદમાંથી નીકળી ચારિત્ર શીળ બનું કદા,
જુઓ! હવે! મોહનનાં વાંછિત ફળે.. સાધુ વેશે...

---

(૯)

દેશી-(માલણ ગુંથી લાવ....) અથવા:-
(દીવસ દીપે આજ....)

મોહનભાઇ! આજ ઘરથી સીધાવે,
સીધા સુરત શહેરે આવે........મોહનભાઇ!
મોહ દુર્જય શું ન કરાવે,
વસ્તુ વાંચતા અનુભવ થાવે,
એને ચરિત્ર-નાયક હંફાવે..... ...મોહનભાઈ!
મોહાધીનો પ્રપંચ ખેલાવે,
પાસે આવીને પ્રેમ બતાવે,
એતો ઉપલક ડાળ દેખાવે .......મોહનભાઇ!
જયેષ્ટ શુદિ એકમ દિને ભાવે,
વર્ષ ઓગણી—અડસઠ આવે,
દીક્ષા લેવાને જલ્દી જાવે........મોહનભાઇ!

વંદે કમળસૂરીને બહુ ભાવે,
દીક્ષા લેવાનો ભાવ જણાવે,
ઉર ભરપુર આનંદ લાવે..........મોહનભાઇ !

દીક્ષા મુહુરતને જોવરાવે,
સુદિ ત્રીજજ આવે સ્વભાવે,
ભાગ્યશાળી સુયોગજ પાવે........મોહનભાઇ !

નાનચંદ કીકાભાઈ ભાવે,
વરઘોડો બહુ ઠાઠે ચઢાવે,
સાહેલીયો, ગાવે, વધાવે..........મોહનભાઇ !

---

(૧૦)

રાગ-( કેશરીયા થાશું....પ્રીત કરીરે.... )

એ ત્રીજ વખાણું, જયેષ્ટ મહિનાની જાણી લ્યો ખરી,
સુયોગ જ જાણું, ધન્ય ! મોહન ! ભારે કરી......
મોહનલાલ થયા મુંડે ભવિતા, કમળ સૂરીશ્વર પાસે,
અઘહર ઓઘો આજે પામી, નાચે, કુદે, ઉલ્લાસે
...રે...એ ત્રીજ૦

મોહનલાલનું નામ મટાડી, સંસારી સંગ છોડયો,
કર્પૂરવિજયનું નામ ધરીને, નિર્ગ્રંથસું નેહ
જોડયો...રે...એ ત્રીજ૦

મુનિ જીવનના પાંચ મહાવ્રત, પ્રેમે એતો પાળે,
હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ પાંચે
ટાળે...રે.. એ ત્રીજ૦

પંચ મહાવ્રત પાલન શુરા, ભિક્ષા પર રહેનારા,
આત્મ ભાવમાં સદા રહીને, ધર્મનો બોધ
દેનારા...રે...એ ત્રીજ૦

મુનિ જીવન એ રીતે ગાળી, આતમને અજવાળે,
નૂતન-દીક્ષીત પ્રારંભેથી, ગુરૂ આણાને પાળે...રે...
એ ત્રીજ૦

વડી-દીક્ષા થઇ બારડાલીમાં, ધામધુમથી હર્ષે,
ઓગણીસો-ઓગણ્યોતેર, કારતક, વદિ ચોથના
દિવસે...રે...એ ત્રીજ૦

શાશનમાં જે સમયે સોહે, બુટેરાય ગુરૂરાયા,
તાસ શિષ્ય સપ્ત પૈકી ચોથા, આણંદવિજયજી
કહાયા..રે...એ ત્રીજ૦

એ શ્રી આણંદવિજય પંન્યાસને, વંદો, સમરો, ભાવે,
તાસ શિષ્ય શ્રી હર્ષવિજયના, શિષ્યજ હર્ષે
થાવે...રે...એ ત્રીજ૦

હર્ષ વિજય ગુરૂવરની સેવા, હાજર રહીને સદાયે,
વિનય ભાવે બહુ ભારે કીધી, એથી એ એકો
વદાયે...રે...એ ત્રીજ૦

દીક્ષા લઇ તપસ્યા જે કીધી, તે સાંભળજો રંગે,
કર્પૂરવિજય તપસીના તપને, અનુમોદો
ઊમંગે...રે.. એ ત્રીજ૦

(૧૧)

## દેશી-[રમતી. ગમતી, હમુને સાહેલી.]

કર્પુરવિજય ગુરૂ મહા ઊપગારી,
વંદો ભાવે નરનારી...રે...
...તપસીના તપની બલીહારી...

ચારિત્ર લઇને અચરિજકારી,
તપસ્યા કીધી બહુ ભારી...રે...
...તપસીના તપની બલીહારી...

વીશ સ્થાનક તપ કીધો તેવારી,
છઠ્ઠને પારણે છઠ્ઠ ધારી...રે...
...તપસીના તપની બલીહારી...

વચ્ચે વળી તપસ્યા સુખકારી,
સોળ ભથ્થાની કરી સારી..રે...
...તપસીના તપની બલીહારી...

વળી વરસીતપ કીધો વિચારી,
ઓગણી બ્યાશી મોઝારી..રે...
...તપસીના તપની બલીહારી...

ત્યાશી પજુસણમાં હર્ષ ધારી,
કર્યું સોળ ભથ્થું હિતકારી..રે...
...તપસીના તપની બલીહારી...

પંચાશીમાં વીશ સ્થાનક વિસ્તારી,
અઠ્ઠમ પારણે અઠ્ઠમકારી...રે...
...તપસીના તપની બલીહારી...

છાશી પજુસણે અઠ્ઠાઇ ઊતારી,
આત્મ-ઘટે-મમતા મારી...રે...
...તપસીના તપની બલીહારી ..

વળી વચ્ચે આદરી ઓળી ગુણકારી,
વર્દ્ધમાન તપની વિઘ્નહારી...રે...
.. તપસીના તપની બલીહારી...

ઓગણી નેવુંમાં વડતાલ મોઝારી,
સોળ ઊપવાસ કર્યા કષ્ટહારી...રે...
...તપસીના તપની બલીહારી...

અઠ્ઠમો કર્યાં તે લ્યો અવધારી,
ચારસોની સંખ્યા મંગળકારી...રે...
...તપસીના તપની બલીહારી...

અઠ્ઠાઇઓ આરાધે ઊપગારી,
ઊપવાસોથી અલંકારી...રે...
...તપસીના તપની બલીહારી...

હજુ તપસ્યા કરે ગુરૂવર ભારી,
વરવાને પદ અણુહારી...રે...
...તપસીના તપની બલીહારી...

---

(૧૨)

રાગ-[ભારતકા ડંકા આલમમેં]
અથવા
(પ્રભુ આપ અવીચળ નામી છે.)

જીન શાસનમાં તપની મૂર્તિ! આ કાળે આવી
સુપુન્યે મળે,
વૃદ્ધ વયમાં પણ પૂર્તિ સ્ફુર્તિ! વંદન કરતાં
વાંછિત ફળે......જીન શાસનમાં...

જેને દેહ તણી જરી ના મમતા, પરિસહ ખમતાં,
ધરતા સમતા,
તપ ગુણથી વિઘ્નો તુર્ત ટળે, વંદન કરતાં
વાંછિત ફળે......જીન શાસનમાં...

જેની વય જોતાં અચરિજ લાગે, તપસ્યાનો ડંકો
જેનો વાગે,
એ ગુરૂ ચરણે! ભવિ ભાવે ઢળે, વંદન કરતાં
વાંછિત ફળે......જીન શાસનમાં...

જેની ક્રિયા-કાંડ કરણી એવી, યુવકને પણ
બોધે તેવી,
જે જાગૃત છે જ્ઞાન-ધ્યાન બળે, વંદન કરતાં
વાંછિત ફળે......જીન શાશનમાં...

જેણે વર્દ્ધમાન તપની ઓળી, બાવીશમી કરી,
કરે કર્મ હોળી,
જે અહિવડ રંગે નિત્ય રળે, વંદન કરતાં
વાંછિત ફળે......જીન શાશનમાં...

જ્ઞાન પંચમી, મૌન એકાદશીને, પોષ દશમી
આરાધી ઉલ્લસીને,
બીજ, આઠમ, ચૌદશ મેળ ન મળે, વંદન કરતાં
વાંછિત ફળે......જીન શાશનમાં...

ઓગણી બાણુમાં ખંભાતે, વીશ સ્થાનક તપ
શરૂ કીધો ખાંતે,
અઠ્ઠાઇથી આદર્યો ભાવે ભલે, વંદન કરતાં
વાંછિત ફળે......જીન શાશનમાં...

એની બાવનમી અઠ્ઠાઇ ભલી, અષાડ લગી થઇ
પૂર્ણ વળી,

વય સડસઠે, તપ જોઇ ગર્વ ગળે, વંદન કરતાં
વાંછિત ફળે.....જીન શાશનમાં...

વંદન હો! કોટી! વંદન હો! તપસ્વી-દાદાને-
વંદન હો!

ગુરૂ કર્પૂરવિજય અહિં આવ્યા ભજે-વંદન કરતાં
વાંછિત ફળે.....જીન શાશનમાં ..

---

(૧૩)

દેશી....(સાંભળજો મુનિ સંયમ રાગે ..).

સાંભળજો સદ્‌ગુરૂનાં ચૌમાસાં, સત્યાવીશ
સુખકારીરે,

સત્યાવીશ ગુણ ધારક ગુરૂને, વંદો વારંવારીરે
...સાંભળજો...

ગણી-પંન્યાસપદ રાજનગરમાં, ઓગણી નેવ્યાશી
વર્ષેરે,

સિદ્ધિ વિજયસૂરી હસ્તે વરીયા, ચરિત્ર સોને
આકર્ષેરે...સાંભળજો...

દો ચૌમાસાં સુરત શહેરે, એકવાળી પેવલા ગામેરે,

દક્ષિણમાં પણ વિચર્યા સુહેતે, બોધિબીજ જીવો
પામેરે, ..સાંભળજો...
એક ડભોઇ, ને છાણી, ચાણસ્મા, પાંચ રાજનગર
મોઝારીરે,
શ્રધ્ધાળુ શ્રાવક વસે જ્યાં વિવેકી, જૈનપુરીની
બલીહારીરે,...સાંભળજો...
શ્રી સિધ્ધગિરીની પવિત્ર છાયામાં, એક ચોમાસુ
પ્રસિધ્ધું રે.
નાભિનો નંદન ભાવે ભેટીને, સમકિત નિર્મળ
કીધું રે, ..સાંભળજો...
પ્રાંતીજ, સાણંદ, ખેડા, મેસાણા, એક એક અનુક્રમે
જાણોરે,
લોદ્રા, ગામને જામનગરના, બબ્બે ચોમાસા
પ્રમાણોરે...સાંભળજો...
વડતાળમાં કરી એક ચોમાસુ, ખંભાતમાં ગુરૂ જાવેરે,
પુન્યે ગુરૂનું ચૌમાસુ થાતાં, સંઘ સકળ હરખાવેરે,
...સાંભળજો...
કચ્છ દેશના ત્રણે શહેરે, ગુરૂએ ચોમાસા કીધારે,
મુદ્રા-માંડવી-ભૂજનગરનાં, સંઘના કારજ સીધ્યારે,
...સાંભળજો...

ઓગણીસો ત્રાણુનું ચૌમાસુ, હલવદમાં કર્યું ભાવેરે,
ચાલુ ચૌમાસુ વઢવાણ કાંપે, કરી શાશન દીપાવેરે,
.. સાંભળજો...

શિષ્યો સુવિનયી સાથે સોહે, શાંત - ભદ્રક
પરિણામીરે,
પંન્યાસ પ્યારા અમૃતવિજયની, વાણી સરસ
ગુણખાણીરે,...સાંભળજો...
પાર્શ્વવિજય, ચંદન, રાજેન્દ્ર, અને અમરેન્દ્ર
મુનિરાયારે,
દેવેન્દ્ર આદિ વિનય ધરીને, સેવે સદ્‌ગુરૂ પાયારે
...સાંભળજો...
જ્યાં જ્યાં વિચર્યા પુન્ય પ્રભાવક, ત્યાં ત્યાં લાભ
બહુ લીધોરે
ધર્મના કામો ખુબ કરાવી, શાશન ડંકો દીધોરે
...સાંભળજો...
એ ગુરૂવર શ્રી કર્પૂરવિજયનાં, ગાવો ગુણ
નરનારીરે,
અવસર પામી સાધો આતમનું, નાવે જોગ
વારંવારીરે...સાંભળજો...

તપસ્વી-દાદાના જીવન ચરિત્રની, રચના આષાઢ
માસેરે,
સેવક મનસુખે અલ્પ આળેખી, ગુરૂ ભક્તિથી
ઊલ્લાસેરે...સાંભળજો...

## ગુરૂ-ગુણ-ગહુંલી.

દેશી....(પ્રભુ પડીમા પુજીને પોસહ કરીયેરે)
ગુરૂ મહીમા જગમાંહે મોટો જાણીરે,
ગુરૂ ઊપકાર કેમ કહો વિસારીયે,
ગામોગામ ફરીને જે દે વાણીરે,
શાશનનારે મંડન! મુનિવર ધારીયે,
.....વંદન રોજ કરીને કર્મ નીવારીયે,
.....વૈયાવચ્ચ કરતાં આતમ તારીયે......
કુટુમ્બ-કબીલો છંડી જે નીકળીયારે,
જબરૂં જોર જ્યાં નહિ રાગનું ફાવીયું,
મોહ સમા રાજાના માન જ્યાં ગળીયારે,
સંયમ લેઇ શાશનને શોભાવીયું,
...શાશનારે મંડન!..વંદન રોજ...વૈયાવચ્ચ કરતાં...

કંચન-કામીની-ત્યાગી તૃણ સમ લેખીરે,
નિસ્પૃહિ-નિર્માની; થઇને જે ફરે,
જ્ઞાને-ધ્યાને-ઊજજવળ જે નિત્ય રહેતાંરે,
પુદગલની પરવા જરીયે ના કરે,
...શાશનારે મંડન!..વંદન રોજ...વૈયાવચ્ચ કરતાં...

રાગ-કે દ્વેષ ધરે ના કોની ઊપરરે,
સમ ભાવે જગ માંહે જે મ્હાલતાં,
તપ-પદમાં તલ્લીન સદા જે રહેતાંરે,
આગમની આણાસર જે ચાલતાં,
...શાશનારે મંડન!..વંદન રોજ...વૈયાવચ્ચ કરતાં ..

કર્મ-કટક હણવાને જે નિત્ય ચાહેરે,
સંયમમાં સૂર્ય પરે જે શોભતાં,
પરિસહ પુરા, ખમતા થઇને શુરારે,
તપસ્યાદિ કરીને કાયા શોષતા,
...શાશનારે મંડન!.વંદન રોજ...વૈયાવચ્ચ કરતાં...

એવા મુનિવર-સુખકર-શાંતિ દાતારે,
પુરવ પુન્ય યોગે આપણને મળે,
કર્પૂરવિજય ગુરૂરાજની સેવા કરતાંરે,
મન-સુખ-શાંતિ વરીયે વિઘ્નો સૌ ટળે...

શાશનાં મંડન! મુનિવરે ધારીયે,
વંદન રોજ કરીને કર્મ નીવારીયે,
વૈયાવચ્ચ કરતાં આતમ તારીયે.

## ગુરૂ-ગુણ-ગહુંલી.

દેશી-(અરિહંત પદ ધ્યાતો થકો....)

ધન્ય! ધન્ય! તે જગ મુનિવરા, જે સંયમમાં શૂરારે,
ભવી ઉપગારે જે ફરે, પરિસહ ખમતાં પૂરારે...
ધન્ય! ધન્ય!

અપ્રમત્ત રહેતાં સદા, પ્રમાદ ન સેવે લગારરે,
દોષ બેંતાલીશ સાચવી, જે લહે નિરસ આહારરે...
ધન્ય! ધન્ય!

બાવીશ પરિસહ જે સહે, જે કરે કેશનો લોચરે,
ખુલ્લે પગે તડકે ફરે, ન ધરે મનમાં શોચરે...
ધન્ય! ધન્ય!

તપ કરી કાયાને શોષવે, સમતા રસના ભંડારરે,
ભવી જીવને પ્રતિ બોધવા, કરતા ઉગ્ર વિહારરે
...ધન્ય! ધન્ય!

આગમ આણા પાળતા, ધરતા ધર્મનું ધ્યાનરે,
આતમનું સુખ ચાખતા, કરતા ન કદીયે માનરે...
ધન્ય! ધન્ય!
જંગમ તીરથ જોગને, પામી આગમ રસ પીજેરે,
તપ-જપ-વ્રત-આરાધીને, લ્હાવો લાખેણો લીજેરે...
ધન્ય! ધન્ય!
પુન્યે અમારે પધારીયા, કર્પૂરવિજય ગુરૂરાયારે;
તપસ્વી-દાદાના ગુણ ગાવતાં, મન-સુખ-શાન્તિ
પાયારે...ધન્ય! ધન્ય!

**સમાપ્ત.**